# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૬, જૂન-જુલાઈ ૨૦૨૦



## ગાંધીનગર ખાતે મીટર ટેસ્ટીંગ અંગેના સેમિનારનું આયોજન



વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સાબરમતી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ

# આ અંકમાં

**અંક-૫૬**
**જૂન-જુલાઈ ૨૦૨૦**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી, પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.


**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com

**આ અંક આપને કેવો લાગ્યો?**
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.
cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com

## આ અંકમાં

**યુજીવીસીએલ ૦૭**
» પ્રગતિના પંથે અગ્રેસર યુજીવીસીએલ એક નજરે........ ૦૭
**ઉજવણી ૧૧**
» વિશ્વ યોગ દિવસની ઉજવણી........................ ૧૧
**વિદાય ૧૧**
» શ્રી આર.એમ. પટેલને સન્માનભેર વિદાય............. ૧૧
**સેમિનાર ૧૨**
» ગાંધીનગર ખાતે મીટર ટેસ્ટીંગ અંગેના સેમિનારનું આયોજન ૧૨
**સંશોધન ૧૩**
» જીપીઆરડી દ્વારા 'વોચ ડોગ ટ્રાન્સફોર્મર'નો આવિષ્કાર... ૧૩
**કન્ટ્રોલ રૂમ ૧૪**
» પ્રવર્તમાન વરસાદની સીઝનમાં યુજીવીસીએલ દ્વારા સતત ચોવીસ કલાક કાર્યરત કરેલ કન્ટ્રોલ રૂમ...... ૧૪
**સંક્ષિપ્ત સમાચાર ૧૫**
» વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સાબરમતી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ.................................. ૧૫
» સમગ્ર ભારતમાં સોલાર રૂફ ટોપ પ્રસ્થાપિત કરવા અંગેની કામગીરીમાં ગુજરાત પ્રથમ ક્રમે......................... ૧૫
» 'પાવર ઇન્ટરપ્શન મોનિટરીંગ સિસ્ટમ (મોડ્યુલ)'નું વિમોચન ૧૫
**ગૌરવ ૧૬**
» શ્રી વી.એમ. શ્રોફને મુખ્ય ઇજનેર તરીકે બઢતી.......... ૧૬
» સફળતાના સુત્રધાર શ્રી આર.બી. પટેલ : યુજીવીસીએલ ગૌરવ................................. ૧૬
» સીજીઆરએફના અધ્યક્ષ તરીકે શ્રી કે.એન. પરીખની પસંદગી ૧૭
**પ્રતિભાવ ૧૭**
**સ્પોટ્‌ર્સ ૧૮**
» યુજીવીસીએલ દ્વારા રમતગમત પ્રવૃત્તિઓમાં મેળવેલ સફળતાની યશગાથા......................... ૧૮
» ૧૪મી ઇન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટના પરિણામો........ ૧૮
» ૧૪મી ઇન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટના પરિણામો... ૧૯
» ૧૪મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટના પરિણામો ૨૦
» ૧૪મી ઇન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટના પરિણામો.... ૨૧
**તેજસ્વી તારલા ૨૨**
» યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા............... ૨૨
**કાવ્યધારા ૨૩**



સામાન્ય સંજોગો ઉપરાંત, ગુજરાતમાં જ્યારે આપત્તિ આવી છે ત્યારે કંપનીના કર્મચારીઓએ પોતાની કાર્યદક્ષતાનો પરિચય આપી ગુજરાતના નાગરિકોની સુંદર સેવા કરેલ છે.

सत्यमेव जयते

ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ વર્ષ ૨૦૦૫થી વ્યાવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના તમામ કર્મચારીઓ સાથે **''આપણું યુજીવીસીએલ''**ના માધ્યમ દ્વારા સંવાદ કરવાનો મોકો મળ્યો છે, તે બદલ હું આનંદની લાગણી અનુભવું છું.

૩૫ લાખ જેટલા ગ્રાહકો અને ૧૨ હજાર કરોડ રૂપિયાની રેવન્યુ ધરાવતી અને ૨૨ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ દ્વારા સન્માનિત ભારતની અગ્રગણ્ય વીજ કંપની તરીકેનું મહત્ત્વનું સ્થાન ધરાવતી **''ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ'' (યુજીવીસીએલ),** ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની વીજ વિતરણ કંપનીઓમાં અગ્રેસર કામગીરી કરી રહી છે. કંપનીએ સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંકો છેલ્લા પંદર વર્ષથી સતત સિદ્ધ કર્યા છે, તે માટે કંપનીના તમામ કર્મઠ કર્મચારીઓને હું અભિનંદન પાઠવું છું.

સામાન્ય સંજોગો ઉપરાંત, ગુજરાતમાં જ્યારે જ્યારે આપત્તિ આવી છે ત્યારે કંપનીના કર્મચારીઓએ પોતાની કાર્યદક્ષતાનો પરિચય આપી ગુજરાતના નાગરિકોની સુંદર સેવા કરેલ છે. તાજેતરમાં કોરોનાની મહામારીમાં વિના વિક્ષેપે વીજ વિતરણની વ્યવસ્થા જાળવીને તેમજ પોતાના સ્વાસ્થ્યની કાળજી રાખીને **''સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ''** આપવાના ધ્યેયને ચરિતાર્થ કરેલ છે.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ઊર્જા મંત્રી, શ્રી આર. કે. સિંઘ દ્વારા પણ આપશ્રીની કામગીરીને બિરદાવવામાં આવી છે, જેની હું ગૌરવસભર નોંધ લઉં છું.

સતત ૧૫ વર્ષથી કંપનીના કર્મચારીઓ દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી અંગે પ્રચાર અને પ્રસારનું મહત્ત્વનું કાર્ય **''આપણું યુજીવીસીએલ''**ના માધ્યમ દ્વારા કરવામાં આવી રહેલ છે. જે સરાહનીય અને આવકારદાયક છે. આ કામગીરી સંલગ્ન સમગ્ર સંપાદકીય ટીમને અભિનંદન સાથે સહૃદયથી શુભેચ્છાઓ પાઠવતાની સાથે કંપની દ્વારા કરવામાં આવેલ કામગીરી વધુ સારી રીતે પહોંચાડતા રહેશો તેવો વિશ્વાસ વ્યક્ત કરું છું.

**સૌરભભાઈ પટેલ**

ઊર્જા મંત્રી, ગુજરાત સરકાર

# શુભેચ્છા સંદેશ



કંપનીની કામગીરી અને ગ્રાહકસેવા સંબંધિત પહેલોની માહિતી કંપનીના કર્મચારીઓ, ગ્રાહકો તથા અન્ય નાગરિકો સુધી પહોંચાડવા માટે, કંપની દ્વારા મુખપત્ર પ્રકાશનની પ્રશંસનીય કામગીરી થઈ રહી છે.

सत्यमेव जयते

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની, ભારતમાં અગ્રગણ્ય સ્થાન ધરાવનાર ઉત્તર ગુજરાત વીજ કંપનીના મુખપત્ર ''આપણું યુજીવીસીએલ''ના માધ્યમ દ્વારા કંપનીના કાર્યદક્ષ કર્મચારીઓને હું ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.

કંપનીના સ્થાપના સમયથી યુજીવીસીએલનો ઉજ્જવળ કાર્યઇતિહાસ રહ્યો છે. આપ સૌની સંનિષ્ઠ કાર્યપૂજાને કારણે કંપનીએ સફળતાનાં ઉચ્ચ શિખરો સર કર્યાં છે.

કંપનીની કામગીરી અને ગ્રાહકસેવા સંબંધિત પહેલોની માહિતી કંપનીના કર્મચારીઓ, ગ્રાહકો તથા અન્ય નાગરિકો સુધી પહોંચાડવા માટે, કંપની દ્વારા મુખપત્ર પ્રકાશનની પ્રશંસનીય કામગીરી થઈ રહી છે તેનો મને આનંદ છે. કંપનીના મુખપત્રની સંપાદકીય ટીમ દ્વારા થતી મહત્ત્વની કામગીરીની ગૌરવભેર નોંધ લઉં છું અને સતત ૫૫ અંકો બહાર પાડી પ્રચાર અને પ્રસારમાં પણ યુજીવીસીએલ અગ્રગણ્ય કંપની હોવાનું પુરવાર કરેલ છે. ટીમના તમામ સભ્યોને હું અભિનંદન પાઠવું છું.

કર્મચારીઓ દ્વારા સહિયારા પુરુષાર્થથી કંપનીની વિકાસગાથા વધુ ઉજ્જવળ બને તેવી શુભેચ્છા પાઠવું છું.

કોરોના જેવી મહામારીના સંક્રમણ સમયમાં પણ આપ સૌએ પોતાની ફરજ બજાવી છે તે બદલ હું આપ સૌને અભિનંદન પાઠવું છું. આગામી દિવસોમાં પણ, આપ પોતાનું સ્વાસ્થ્ય જાળવી, સુરક્ષિત રહીને સફળ કામગીરી કરતા રહેશો તેવો મને વિશ્વાસ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ આગામી વર્ષોમાં પણ વધુ સારી કામગીરી કરીને ઉત્તરોત્તર પ્રગતિના પંથે પ્રયાણ કરે તેવી શુભેચ્છાઓ.

**પ્રદીપસિંહ જાડેજા**

રાજ્યકક્ષાના ઊર્જા મંત્રી, ગુજરાત સરકાર



સત્યમેવ જયતે

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પ્રકાશિત મુખપત્ર ‘‘આપણું યુજીવીસીએલ’’ સતત પ્રકાશન થકી પંચાવન અંકના સીમાચિહ્ને પહોંચ્યું છે તે બદલ હું આનંદની લાગણી અનુભવું છું. કંપનીની માહિતી લોકો સુધી પહોંચાડનારી સંપાદકીય ટીમને અભિનંદન!

ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની અગ્રેસર કંપની તરીકે છેલ્લાં પંદર વર્ષની યશસ્વી કામગીરી માટે કંપનીના તમામ કર્મચારીઓને હું હૃદયપૂર્વક શુભકામનાઓ પાઠવું છું. આપ સૌ ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસમાં અમૂલ્ય યોગદાન આપી રહ્યા છો.

કોરોના મહામારીના સંજોગોમાં આપની કામગીરી પણ પ્રશંસનીય રહી છે. આપ પોતાનું સ્વાસ્થ્ય જાળવીને લોકસેવા કરતા રહેશો તેવો મને વિશ્વાસ છે.

**સુનયના તોમર,** આઇ.એ.એસ.
અધિક મુખ્ય સચિવ, ઊર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ, ગુજરાત સરકાર

## શુભેચ્છા સંદેશ




સત્યમેવ જયતે

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના અધ્યક્ષ તરીકે તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે ‘‘આપણું યુજીવીસીએલ’’ મુખપત્રના આગામી સંસ્કરણ દ્વારા આપ સૌ સાથે સંવાદ કરતાં હું હર્ષની લાગણી અનુભવું છું.

આપણી કંપની દ્વારા, સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંકો છેલ્લા પંદર વર્ષથી સફળતાપૂર્વક સિદ્ધ કરવામાં આવે છે, જે કંપનીના કર્મચારીઓની કાર્યદક્ષતા સિદ્ધ કરે છે. કોરોનાના મહામારીના સમયમાં આવેલ આપત્તિના સંજોગોમાં તેમ જ પાલનપુરમાં આવેલ વાવાઝોડા સમયે વીજ વિતરણની વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવાની ભગીરથ કામગીરીની નોંધ લઈ, સુરક્ષિત અને સલામત કામગીરી માટે અનુરોધ કરી ભાવિ કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવું છું.

**શાહમીના હુસૈન,** આઇ.એ.એસ
મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ
અધ્યક્ષ, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ.



**ગુજરાત સોલાર રૂફ ટોપ સ્થાપિત કરવાની દિશામાં ભારતભરમાં અગ્રેસર રહ્યું છે. આપણી કંપનીએ પણ, નાનાં શહેરો અને ગ્રામીણ કાર્યવિસ્તાર હોવા છતાં આ દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.**

*"હું માણસ છું એવું પુરવાર કરવા સાબિતીઓ, સાક્ષીઓ અને પુરાવાઓ એકઠા કરી રહ્યો છું અને દુઃખની વાત એ છે કે સાંયોગિક પુરાવા તો મળે પરંતુ દાર્શનિક પુરાવા મળતા નથી..."*

**– ગુણવંત શાહ**

**પ્રિય કર્મચારી મિત્રો,**

કોરોના મહામારીના સંક્રમણકાળના સૌથી મુશ્કેલીભર્યા લોકડાઉનમાંથી અનલોકના તબક્કામાં ફરી વાર આપ અને આપના પરિવારના સૌ સભ્યો ક્ષેમકુશળ રહો તેવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

મિત્રો, આપણા કેટલાક કર્મચારીઓ પણ કોરોનાની મહામારીમાં સંક્રમિત થયા છે, તેઓ ઝડપથી સાજા થઈ જાય તે માટે શુભેચ્છા પાઠવું છું.

આપ સૌની કર્તવ્યનિષ્ઠા તથા ખૂબ હિંમત અને ખૂબ સાવચેતી સાથે આપણે લોકડાઉનનો સમય પસાર કર્યો. હવે સમયની માંગ અનલોક પિરિયડમાં કોરોનાનો પ્રત્યક્ષ મુકાબલો કરીને કોરોના સાથે રહીને મુશ્કેલ પરિસ્થિતિમાં જીત મેળવવાની છે.

આ દરમિયાન જીવનના નિત્યક્રમને અનુસરતાં આપણે ૫મી જૂનના રોજ 'પર્યાવરણ દિન' ઉજવ્યો છે. પર્યાવરણનું જતન અને જાળવણી કરીશું તો જ ઉજ્જવળ પર્યાય સાબિત થશે. એ પછી, ૨૧મી જૂન 'વિશ્વ યોગ દિવસ'ની પણ ઉજવણી થઈ. માનનીય વડાપ્રધાન, શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસથી સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા વર્ષ ૨૦૧૫થી 'વિશ્વ યોગ દિવસ' ઉજવવાની શરૂઆત કરવામાં આવી છે. હાલમાં પ્રવર્તમાન કોરોના મહામારી સામે યોગથી 'ઇમ્યુનિટી' વધારી શકાય છે. જીવનમાં સારું સ્વાસ્થ્ય, સફળતા અને સંપૂર્ણ સુખોને પ્રાપ્ત કરવા માટેનું માધ્યમ યોગ છે. નિયમિત યોગ દ્વારા સૌ પોતાનું સ્વાસ્થ્ય જાળવે તે માટે અપીલ કરું છું.

મિત્રો, આપણા માટે ગૌરવના સમાચાર એ છે, કે સમગ્ર ભારતમાં સોલાર રૂફ ટોપ સ્થાપિત કરવા અંગેની કામગીરીમાં ગુજરાતે પ્રથમ ક્રમે કામગીરી કરીને ૧,૧૦,૦૦ રહેઠાણો પર 'સોલાર રૂફ ટોપ' લગાવવાની કામગીરી પૂર્ણ કરેલ છે. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડનો કાર્ય વિસ્તાર નાનાં શહેરો તથા ગ્રામ્ય વિસ્તાર ધરાવતો હોવા છતાં કંપનીએ ખૂબ જ મહત્ત્વની કામગીરી કરેલ છે. આ કામગીરીમાં સંકળાયેલા સૌને હું અભિનંદન પાઠવું છું.

પ્રવર્તમાન ચોમાસાની સીઝનમાં વીજ વિક્ષેપની ફરિયાદોનો ત્વરિત નિકાલ કરીને આપણા માનવંતા ગ્રાહકોને સંતોષ આપવા માટે અનુરોધ કરું છું.

કંપની દ્વારા કરવામાં આવી રહેલ કામગીરી માટે ઉચ્ચ કક્ષાએથી આપણને સતત પ્રોત્સાહન મળી રહ્યું છે, જે આપણી હકારાત્મક તાકાત બનેલ છે. આપણે સૌ સહિયારા પુરુષાર્થથી સફળ કામગીરી દ્વારા વધુ સફળતાનાં ઉચ્ચ શિખરો પ્રાપ્ત કરીએ તેવી અભ્યર્થના.

**મહેશ સિંઘ,** આઇએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર યુજીવીસીએલ અને
સંરક્ષક **'આપણું યુજીવીસીએલ'**

# પ્રગતિના પંથે અગ્રેસર યુજીવીસીએલ એક નજરે...



શ્રી પી.બી. પંડ્યા,
મુખ્ય ઈજનેર (ઓપરેશન)

આપ સર્વેને સુવિદિત છે કે, વીજ ક્ષેત્રે સુધારાના ભાગરૂપે અગાઉના ગુજરાત ઈલેક્ટ્રીસીટી બોર્ડનું પુનર્ગઠન થતા કંપનીકરણના ભાગરૂપે ગુજરાત વિદ્યુત બોર્ડના વિભાજનના સંક્રાતિકાળ દરમ્યાન કર્મચારીઓના સાથ અને સહકાર સાથે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના તાબા હેઠળ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત અને પશ્ચિમ ગુજરાત વીજ વિતરણ કંપનીઓની રચના કરવામાં આવેલ, તેમજ વીજ ઉત્પાદન માટે ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસીટી કોર્પોરેશન અને વીજ પ્રવહન માટે ગુજરાત ઈલેક્ટ્રીસીટી ટ્રાન્સમીશન કોર્પોરેશનની રચના કરવામાં આવેલ.

તા. ૦૧-૦૪-૨૦૦૫થી વ્યાવસાયિક ધોરણે આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ કાર્યરત થયેલ છે. કર્મચારીઓના સહિયારા પુરુષાર્થથી આપણી કંપનીએ ખાસ કરીને વીજ વિતરણ ખોટની ભરપાઈ, મહેસુલી આવક, જ્યોતિગ્રામ યોજનાનું અમલીકરણ વગેરે ક્ષેત્રમાં આગવું પ્રદાન કરેલ છે. જેના પરિણામ સ્વરૂપે દેશની જાહેરક્ષેત્રની અગ્રગણ્ય વીજ વિતરણ કંપની તરીકે પોતાનું આગવું સ્થાન પ્રસ્થાપિત કરેલ છે.

કંપનીએ જે નવા આયામો કંડારેલ છે તેનું સાતત્યપણુ જાળવી રાખવું, તે આપણા સૌ માટે પડકાર છે અને વિશેષ જવાબદારી બની રહે છે. કંપનીના કર્મચારીઓ નવી ટેક્નોલોજી અપનાવવામાં કે દરેક ક્ષેત્રમાં પડકારરૂપ કામગીરી કરવામાં સદાયે અગ્રેસર રહેલ છે. જેનું જળહળતુ ઉદાહરણ 'ઈ-ઊર્જા'નું અમલીકરણ છે.

કોઈપણ સંસ્થામાં કામ કરતા કર્મચારીઓની સર્જનાત્મક શક્તિ તેમજ વિધેયાત્મક અભિગમને કારણે જ સંસ્થા સફળતાની નવી ઊંચાઇઓ હાંસલ કરી શકે છે. જે કર્મચારીઓમાં વિશિષ્ટ બુદ્ધિમત્તા અને કાર્યકૂશળતા છે, તેનો સંસ્થાને તેમજ સાથી કર્મચારીઓને લાભ થાય તે માટે તેમના વિચારો અને આવિષ્કારોની અભિવ્યક્તિ માટે સંસ્થાએ વખતો વખત મોકળાશ આપી છે, જેને પરિણામે ૨૨ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ પ્રાપ્ત કરેલ છે.

વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કંપનીને બે પ્રતિષ્ઠિત એવોર્ડ્ઝ PTC Excellence Award અને CBIP Award મળેલ જ્યારે SKOCH Award of Merit માટે પસંદગી પામેલ છીએ.

### પ્રથમ દ્રષ્ટિએ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

| | | |
|---|---|---|
| કાર્યક્ષેત્ર વિસ્તાર | : | ૪૯,૯૫૦ ચો.કી.મી. |
| જિલ્લાની સંખ્યા | : | ૭+૩ અંશતઃ |
| શહેરની સંખ્યા | : | ૩૮ |
| ગામડાઓની સંખ્યા | : | ૪,૫૦૧ |
| સબ-સ્ટેશનની સંખ્યા | : | ૫૨૦ |
| ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મરની સંખ્યા | : | ૩,૧૫,૪૩૧ |
| હાઈ ટેન્શન લાઇન | : | ૧,૧૧,૪૬૭ કી.મી. |
| લો ટેન્શન લાઇન | : | ૭૪,૭૭૯ કી.મી. |
| ગ્રાહકોની સંખ્યા | : | ૩૬,૮૫,૩૩૭ |
| કર્મચારીઓની સંખ્યા | : | ૯,૩૬૨ |
| સર્કલ/ડિવિઝન/સબડિવિઝન/સ્ટોર/REC | : | ૪/૨૨/૧૪૧/૪/૩=૧૭૪ |
| વર્ષ ૨૦૧૯-૨૦ની એસેસમેન્ટ | : | રૂ. ૧૧,૮૫૫.૮૪ કરોડ |

### યુજીવીસીએલના મજબુત પાસા

- ૧૦૦ ટકા ગ્રામ્ય વીજળીકરણ
- નીચો ટી એન્ડ ડી લોસ

| વર્ષ | બિન ખેતીવાડી | ખેતીવાડી |
|---|---|---|
| ૨૦૧૭-૧૮ | ૬.૯૯ | ૮.૭૬ |
| ૨૦૧૮-૧૯ | ૬.૨૨ | ૧૪.૮૦ |
| ૨૦૧૯-૨૦ | ૫.૩૯ | ૩.૪૯ |

પ્રવર્તમાન ડિસ્ટ્રીબ્યુશન લોસ ૪.૬૫ ટકા હાસેલ કરેલ છે. જે કંપનીના કાર્યકાળનો શ્રેષ્ઠ આંક છે જેને લીધે ૬૯ MUSની બચત કરેલ છે.

- ૨૪x૭ વીજ વિતરણ વ્યવસ્થા
- એલટી, એચટી રેસીયો ૦.૬૭ જેટલો ઓછો
- નીચો TT/SF ઇન્ડેક્ષ
- ૧૦૦ ટકા સરકારી યોજનાના લક્ષ્યાંકની પ્રાપ્તિ
- ૨૦૧૯ સુધીમાં વીજ વિતરણ કંપનીમાં પ્રથમ ક્રમે
- બધી જ વીજ વિતરણ કંપનીમાં તા. ૩૧-૦૩-

૨૦૨૦ના રોજ સૌથી ઓછી ૧૩.૨૪ ટકા ડેબીટ એરીયર્સ તેમજ સૌથી ઓછી રૂ. ૫૮ કરોડની પીડીસી એરીયર્સ.

- વર્ષ ૨૦૧૭-૧૮માં સૌથી વધુ 'ઇન્ડક્શન ટ્રેનિંગ' આપેલ છે.

## ટ્રાન્સફોર્મર ફેલ્યોર છેલ્લા ૩ વર્ષમાં

ટ્રાન્સફોર્મર ફેલ્યોરનો દર ૫.૫૩ (સાયક્લોન સિવાય) શા માટે ફેલ્યોર ઘટયો? કારણો.

- ટ્રાન્સફોર્મરનું ગુણવત્તાસભર સમારકામ.
- પ્રવર્તમાન સિસ્ટમમાં નવા ટ્રાન્સફોર્મર્સનો ઉમેરો.
- ઓવરલોડિંગ ટ્રાન્સફોર્મર્સના વિસ્તારોનું ચેકિંગ.
- વિવિધ ટ્રાન્સફોર્મસ એક્ટિવિટી જેવી કે ફ્યુઝ એલિમેન્ટ ફાળવણી, એચટી એલટીનું પ્રોટેક્શન, એલટી લાઇનનું મેઇન્ટેનન્સ, લાઇટિંગ એરેસ્ટરની ફાળવણી લોડ, બેલેસીંગ, ટોપીંગ ઓફ ઓઇલ વગેરે.

## સતત વીજ વિતરણ અને ભરોસાપાત્રતા કેવી રીતે?

- ટ્રાન્સફોર્મરના સામુહિક સમારકામના કાર્યક્રમો.
- RMU માટે ઓટોમેશનનો ઉપયોગ.
- અગાઉથી વીજ વિતરણનું અસરકારક પ્લાનિંગ.
- રોજના, અઠવાડિયા તેમજ મહિનાના વીજ વિતરણ રીપોર્ટનું સતત નિરિક્ષણ.
- વીજ વિક્ષેપના નિવારણ માટે 'સેન્ટ્રલાઇઝ્ડ કસ્ટમર કેર સેન્ટરની રચના.

ઊર્જા મિત્ર પોર્ટલ દ્વારા વિવિધ કામગીરી ગ્રાહક માટે કરવામાં આવે છે.

પોષણક્ષમ ભાવે UJALA યોજના થકી તમામ ગ્રાહકોને વ્યાજબી કિંમતે એલ.ઈ.ડી. બલ્બનું વેચાણ.

તા. ૨૬-૫-૨૦૧૬ના રોજ સદર યોજના શરૂ કરવામાં આવેલ જે અન્વયે તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં ૯ વોટના કુલ ૮૦,૩૧,૩૮૫ એલઇડી બલ્બનું વેચાણ કરવામાં આવેલ છે. જેનાથી ૪૦ વોટની વીજબચત બલ્બદીઠ થઈ રહી છે.

બીજા ફેઇઝમાં તા. ૨૬-૧-૨૦૧૭થી ૨૦ વોટની ટ્યુબલાઇટનું વેચાણ કરવામાં આવેલ, જેના ભાગરૂપે ૨,૭૦,૦૫૪ ટ્યુબલાઇટોનું વ્યાજબી કિંમતે વેચાણ તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં કરવામાં આવેલ છે.

વીજ બચાવી શકાય તેવા સિલિંગ ફેનનું પણ વ્યાજબી કિંમતે વેચાણ કરવામાં આવેલ છે. તા. ૩૧-૦૩-૨૦૨૦ સુધીમાં કુલ ૧,૬૬,૧૨૯ જેટલા પંખાનું વેચાણ કરવામાં આવેલ છે.

વીજ સલામતી માટે ગ્રાહકો તથા કર્મચારીઓને વિવિધ કાર્યક્રમો દ્વારા સાવચેત કરવામાં આવેલ. સોલાર રૂફ ટોપ યોજના અંગે લોકોમાં જાગૃતિ કેળવી સોલાર રૂફ ટોપ લગાવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે.

સોલાર એગ્રીકલ્ચર પંપ સેટ દ્વારા ખેતીવાડી ક્ષેત્રે વીજ ઉત્પાદન થાય તે માટે ખેડૂતોનું પ્રોત્સાહન પૂરું પાડવામાં આવ્યું.

સોલાર હોમ લાઇટ સિસ્ટમ દ્વારા જ્યા વીજ વિતરણ વ્યવસ્થા પહોંચાડવાની મુશ્કેલ હતી ત્યાં ૪૦૦ વોટ પીવી સિસ્ટમનું માત્ર રૂ.૪૫૦૦/-ના ખર્ચે વિતરણ કરવામાં આવ્યું તેમજ એસ.સી./એસ.ટી./બીપીએલ કેટેગરીના ગ્રાહકોને વિના મૂલ્યે વિતરણ કરવામાં આવેલ. કુલ ૧૦,૪૦૦/- સોલાર હોમ લાઇટ સિસ્ટમ છેલ્લા ત્રણ વર્ષમાં કંપનીના કાર્યવિસ્તારમાં લગાવવામાં આવેલ છે.

સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટ હેઠળ નરોડા અર્બન સબડિવિઝન ખાતે ૨૫,૯૪૮ સ્માર્ટ મીટરો રૂપિયા ૩૫.૪૫ કરોડના ખર્ચે લગાડવામાં આવેલ છે, જેને લીધે ગ્રાહકોની વીજ વિક્ષેપની ફરિયાદોની ઝડપી જાણકારી અને નિરાકરણ શક્ય બનેલ છે. વીજ વિતરણની સુદ્રઢ વ્યવસ્થા માટે ફાયદાકારક પરિસ્થિતિનું નિર્માણ થયેલ છે, વિના વિક્ષેપે ગુણવત્તાસભર વીજ વિતરણ વ્યવસ્થાની સ્થાપના થયેલ છે. કંપનીની ઉપલબ્ધ વીજ વિતરણ વ્યવસ્થાનો વધુ સારો ઉપયોગ શક્ય બનેલ છે.

**સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ** આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે સેન્ટ્રલાઇઝ્ડ કસ્ટમરકેર, ઊર્જા મિત્ર એપ, કન્ઝ્યુમર પોર્ટલ, ઓનલાઇન બીલ પેમેન્ટ, SMS સર્વિસ, ઈ-ગ્રામ કલેક્શન સેન્ટરની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

આઇટી એપ્લિકેશન દ્વારા એટીએન્ડસી લોસ, પાવર મેનેજમેન્ટ સિસ્ટમ, કન્ઝ્યુમર મોનિટરીંગ સિસ્ટમ, ઓટોમેટિક મીટર રીડિંગ, મોબાઇલ બિલિંગ અને પોલ ફેક્ટરીના મોનિટરીંગની કાર્યદક્ષ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

કર્મચારીઓનો રોજબરોજની કામગીરીમાં ઉપયોગ કરી શક્ય તેવા એચ.આર. મેનેજમેન્ટ સિસ્ટમ, પે-રોલ એકાઉન્ટ પેએબલ એન્ડ રીસીવેબલ, એચટી-એલટી બિલિંગ, ફીક્સ્ડ એસેટસ, જનરલ લેજર, કસ્ટમર રીલેશનશીપ મેનેજમેન્ટ, એન્ટરપ્રાઇઝ એસેટ મેનેજમેન્ટ, ઇન્વેન્ટરી ઓફ મટીરીયલ, પરચેઇઝ એન્ડ પ્રોજેક્ટ ક્વોલીટી લેબની કામગીરી આઇટી એપ્લિકેશન દ્વારા કરવામાં આવી રહેલ છે.

આઇટી એપ્લિકેશન દ્વારા કરવામાં આવી રહેલ કામગીરીને લીધે કંપનીને બિલિંગનું એનાલીસીસ, ફીડર અને ડી.ટી.સી. પ્રમાણે થઈ રહેલ નુકસાનનું પૃથ્થકરણ, ફોલ્ટી મીટરનું એનાલીસીસ, રોજિંદી વીજ વિતરણ વ્યવસ્થાનું પૃથ્થકરણ, સમય અને શ્રમનો વ્યય અટકાવવામાં મદદરૂપ થયેલ છે.

જ્યારે ગ્રાહકોને ઓનલાઇન પેમેન્ટ, ઈ-ગ્રામ, કેશ-કલેક્શન એક જ બારી ઉપર કસ્ટમર કેર સેન્ટર, વિના વિક્ષેપે વીજ વિતરણ વ્યવસ્થા પર ભરોસો, વીજ વિક્ષેપની આગોતરી જાણકારી તેમજ કંપનીની કામગીરીની તમામ વિગતો વેબસાઇટ ઉપરથી મળી રહે છે.

તા. ૩૧-૩-૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પાસે કુલ રહેઠાણના ૨૮,૪૯,૨૫૧, એલટી ઇન્ડસ્ટ્રીયલ ૩,૮૬,૩૩૯, એચટી ગ્રાહક ૪,૪૮૬, એગ્રીકલ્ચર ગ્રાહકો

૩,૮૦,૯૫૬ તેમજ અન્ય કેટેગરીના કુલ ૬૪,૩૦૫ મળીને કુલ ૩૬,૮૫,૩૩૭ ગ્રાહકોને વીજ વિતરણ કરવામાં આવી રહેલ છે.

અન્ય મહત્ત્વની કામગીરીમાં નિયમિત સમયસર બિલિંગ, ગ્રાહક પાસેથી વીજ બીલની વસુલાત માટેની યોગ્ય વ્યવસ્થા, લોકઅદાલત દ્વારા પીડીસી ગ્રાહકો પાસેથી વીજ બીલની વસુલાતના પ્રયત્ન, વિવિધ ઓડિટ જેવા કે ઇન્ટરનલ ઓડિટ, સ્ટેચ્યુટરી ઓડિટ, કોસ્ટ ઓડિટ, ટેક્ષ ઓડિટ, સેક્રેટરીયલ ઓડિટ, ઇલેક્ટ્રીકલ ડ્યુટી માટેનું ઓડિટ, જીઇઆરસીનું ઓડિટ તેમજ સીએન્ડએજીનું ઓડિટ અસરકારકરીતે કરવામાં આવે છે.

એચ.આર. વિભાગ દ્વારા કર્મચારીઓ માટે હકારાત્મક વાતાવરણનું સર્જન કરી ગ્રાહકોને વધુ સારી રીતે સેવા આપવા કટિબધ્ધ રહે તે પ્રમાણે કામગીરી કરવામાં આવી રહેલ છે. હાલમાં કંપનીમાં કુલ ૯,૩૬૨ની સંખ્યામાં કર્મચારીઓ કામ કરી રહેલ છે. કર્મચારીઓને વિવિધ વિષયો માટે તાલીમ આપીને કાર્યદક્ષ બનાવવામાં આવે છે. કંપની દ્વારા કાર્યરત જીઈકેસી સાબરમતી અને મહેસાણા દ્વારા જરૂરી માત્રામાં ગુણવત્તાસભર તાલીમોને લીધે યુજીવીસીએલ તમામ કંપનીઓ કરતાં વધુ સારી રીતે તાલીમ આપવામાં અગ્રેસર રહેલ છે. સાબરમતી જીઇકેસી દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯માં ૧૦૦ ટકા કર્મચારીઓને પૂર્તિ સંખ્યાઓમાં તાલીમ આપીને તમામ તાલિમ કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક મેળવેલ છે.

સિવિલ ડિપાર્ટમેન્ટ દ્વારા કંપનીના મકાનોની મરામત તેમજ બાંધકામ, કર્મચારીઓની કામગીરી માટે જરૂરી અદ્યતન મોડ્યુલર ફર્નિચરની ફાળવણી, કંપનીના મકાનોની સાફ સફાઈ અને નિભાવ, જ્યાં પોતાનું મકાન ન હોય ત્યાં ભાડાના મકાનની વ્યવસ્થા, 'અન્ડર ગ્રાઉન્ડ' કેબલિંગની કામગીરી માટે મદદરૂપ થવાની તેમજ હાઉસ બિલ્ડીંગની લોનની દરખાસ્તોનો નિકાલ માટેની અરજીઓનું પૃથ્થકરણ પ્રમાણિત કરવાનું તેમજ ચકાસણી માટેની મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

## યુજીવીસીએલ સામેના પડકારો

- ૩૯ ટકા ગ્રાહકોનો વીજ વપરાશ ખેતીવાડી ક્ષેત્રે.
- પાણીના તળ ખૂબ જ નીચે છે.
- ઓવર હેડ નેટવર્ક માટે જમીન સંપાદનના પ્રશ્નો.
- નજીકની ટોરેન્ટ પાવર કંપનીમાં 'અન્ડર ગ્રાઉન્ડ કેબલ'ની વ્યવસ્થા છે જ્યારે આપણે ઓવર હેડ નેટવર્ક ધરાવીએ છીએ.
- ગ્રામ્ય વિસ્તારમાં ઝડપથી વીજ વિક્ષેપની ફરિયાદોના નિકાલ.

## ગુણવત્તાસભર અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો ગ્રાહકોને મળી રહે તે માટે ખાસ પગલાં અને ગ્રાહકલક્ષી અભિગમ

- વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન કુલ ૨૦,૬૯૨ કુવાનું વીજળીકરણ કરી ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોને નવા વીજજોડાણ આપી ઝુંપડપટ્ટી કૂટિર જ્યોતિ યોજના તથા એસ.સી. એસ.પી. યોજના અંતર્ગત કુલ ૩૧,૯૦૭ ઘરોમાં લોકોને સરકારી યોજના હેઠળ મફત વીજળી જોડાણો આપી અંધારા ઉલેચ્યા છે. આમ સરકારી યોજનાઓમાં ૧૦૦ ટકાથી વધુ લક્ષ્યાંકો સિદ્ધ કરેલ છે.
- વર્ષોવર્ષ ટ્રાન્સફોર્મર ખરાબીના દરમાં ઘટાડો નોંધાવી છેલ્લા ૨ વર્ષ દરમિયાન ૫થી ૬ ટકાનો દર જાળવી રાખી ગ્રાહકોને સારી સેવા પૂરી પાડેલ છે.
- કંપનીના મીશનને અનુરૂપ પોતાના ગ્રાહકોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવા માટે હંમેશા સજાગ રહી Power Reliabilityના સુચકઆંક SAIFI, SAIDI અને MAIFI અનુક્રમે ૨.૨૫, ૨:૫૭ અને ૩.૬૭ હાંસલ કરેલ છે જે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માપદંડોને અનુરૂપ છે.
- પ્રાણીઓને નડતા ઇલેક્ટ્રિક અકસ્માતો નિવારવા સારું ટ્રાન્સફોર્મર સેન્ટરની આજુબાજુ ૫૨૮૪ નંગ ફેન્સીગ ઊભી કરેલ છે.
- રોજેરોજ આવતી ગ્રાહકોની નવીન વીજજોડાણની અરજીઓ ગુજરાત વીજ નિયમન પંચ દ્વારા જારી કરેલ માર્ગદર્શિકા પ્રમાણે નિકાલ કરી ૯૦ ટકા લક્ષ્યાંક હાંસલ કરેલ છે.
- સરકારશ્રીની સરદાર કૃષિ જ્યોતિ યોજના (SKJY) અંતર્ગત ખેતીવાડી ફીડરોને ગુણવત્તા સભર વીજપુરવઠો મળી રહે તે માટે રૂ. ૧૬.૬૦ કરોડ ખર્ચ કરી ૧૦૦ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે.
- સૂર્ય ગુજરાત યોજના અંતર્ગત કુલ ૪,૪૬૭ વીજ ગ્રાહકોને ત્યાં રૂફ ટોપ સોલાર પેનલ લગાવી કુલ ૩૦.૬૭૨ MW સોલાર ક્ષમતા સ્થાપિત કરેલ છે, જેના થકી ગ્રાહકો, સરકાર અને વીજ કંપની દ્વારા ગ્લોબલ વોર્મિંગ સામેની લડતમાં મહત્ત્વનો ફાળો આપેલ છે.
- ખેતીવાડી ગ્રાહકો માટેની સૂર્યશક્તિ કિસાન યોજના અંતર્ગત ચાર ખેતીવાડીના ફીડર ચાર્જ કરેલ છે, જેના થકી ખેતીવાડી ગ્રાહકોની આવકમાં વધારો થવા પામેલ છે.
- ગ્રાહકોને સાતત્યપૂર્ણ તથા પૂરા વોલ્ટેજથી વીજ પુરવઠો મળી રહે તે સારુ કુલ ૪૫૦ નંગ ફીડરોનું વિભાજન કરી નવા ફીડરો નાખેલ છે.
- કેન્દ્ર સરકારની પંચવર્ષીય યોજના મુજબ જરૂરી સબસ્ટેશનોનું આયોજન તેમજ ઔદ્યોગિક વિકાસ માટે સબસ્ટેશનોનું આયોજન કરેલ છે.
- ગ્રાહકોની ફરિયાદોના ત્વરિત નિકાલ માટે 'સેન્ટ્રલાઇઝ્ડ' કસ્ટમર કેર સેન્ટરો કાર્યરત કરવામાં આવેલ છે.
- સ્વૈચ્છિક યોજના અંતર્ગત હોર્સ પાવરનો વીજ વધારો નિયમિત કરીને વીજ રેષાઓ અને વીજ વિતરણ કેન્દ્રો ઊભા કરવાનું આયોજન હાથ ધરેલ છે.

- ચોમાસા દરમ્યાન ગ્રાહકોને વીજ પુરવઠો સતત મળી રહે તે માટે આગોતરી તૈયારી માટે કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ કચેરી ખાતે ૨૪ કલાક કન્ટ્રોલરૂમ ચાલુ કરવામાં આવેલ છે. કંપની હસ્તકની તમામ કચેરીઓમાં વીજ વિક્ષેપની ફરિયાદોના નિકાલ અંગેની સુદ્રઢ વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. તેમજ ગુજરાતમાં કોઈ પણ વીજ વિતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં કુદરતી આફતના સંજોગોમાં કંપનીના કર્મચારીઓને મદદરૂપ થવા મોકલવામાં આવે છે. ભૂતકાળમાં કંડલાનું વાવાઝોડુ, ભુજમાં ભૂકંપ તથા સુરતમાં પૂર સમયે કર્મચારીઓને મોકલીને વીજ વિતરણ વ્યવસ્થા તુરત જ પુનઃસ્થાપિત કરવાના સફળ પ્રયત્નો હાથ ધરેલ.

સરકારની વિવિધ યોજનાના લક્ષ્યાંકો સિદ્ધ કરી સફળતાપૂર્વક અમલ કરવામાં કંપની હંમેશા અગ્રેસર રહેલ છે.

## આવકવૃદ્ધિના પગલાં

- વીજ ગેરરીતિ અટકાવવા ''ઇન્સ્યુલેટેડ કંડક્ટર''નો ઉપયોગ.
- થાંભલા ઉપરથી કરવામાં આવતી સીધી વીજ ગેરરીતિ અટકાવવા ''એરીયલ બંચ'' કેબલનો ઉપયોગ તેમજ સામુહિક રીતે મીટરોની ચકાસણી, રાત્રિના તેમજ અલગ અલગ સમયે મોટા પાયે વીજ ચેકિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે.
- વર્ષ દરમિયાન કુલ ૪,૬૧,૧૨૯ વીજ જોડાણનું ચેકિંગ હાથ ધરી ગેરરીતિ કરતા ૧૯,૬૮૫ ગ્રાહકોને કંપની દ્વારા રૂ. ૪૧.૭૩ કરોડના બિલોની આકારણી કરેલ છે.
- વર્ષ દરમિયાન ખરાબ થયેલ તથા જૂના સિંગલ ફેજના ૪,૩૫,૧૬૫ તથા થ્રી ફેજના ૩૧,૯૪૨ મીટર બદલી કંપનીની આવકમાં વધારો થાય તેવી મહત્ત્વની કામગીરી હાથ ધરેલ છે. કંપનીના ૬૧ સબડિવિઝનમાં ૧૦૦ ટકા સ્ટેટિક મીટર લગાવેલ છે.
- વર્ષ દરમિયાન જુદી જુદી કક્ષામાં કુલ ૧,૨૩,૩૫૨ નવીન વીજ જોડાણો ચાલુ કરી કંપનીની વાર્ષિક આવકમાં રૂ. ૧૩૩૦ કરોડનો વધારો કરેલ છે.
- GUVNL દ્વારા DISCOM માટે જારી કરેલ કામગીરી આધારિત પ્રોત્સાહક યોજના (PBIS) હેઠળ વર્ષ દરમિયાન આપણી કંપનીએ ૧૦૦માંથી ૮૫.૨૯ ગુણ મેળવી હંમેશની જેમ સર્વાંગી સુંદર કામગીરીનું ઉદાહરણ પ્રસ્થાપિત કરેલ છે.
- ખેતીવાડી ગ્રાહકોને સ્વૈચ્છિક જાહેરાત યોજના હેઠળ નિયમિત વીજભાર માટે જાગૃત કરવામાં આવેલ છે.
- લોક અદાલતોના આયોજન દ્વારા મહેસુલી આવકની વસુલાત અને માંડવાળ કરવામાં આવેલ છે.
- વધારે લોડવાળા અને વધારે લોસ વાળા ફીડરોનું વિભાજન કરવામાં આવેલ છે.

## ટી એન્ડ ડી લોસ ઘટાડવાના પગલાં

- સમગ્ર વર્ષ દરમ્યાન સઘન ચેકિંગ, માસ ચેકિંગ તેમજ વીજ ગેરરીતિ સામે સઘન ઝુંબેશ હાથ ધરેલ છે.
- ટ્રાન્સફોર્મરનો લોસ ઘટાડવાની ઝુંબેશના ભાગરૂપે એમોરફોસ ટ્રાન્સફોર્મર લગાવવામાં આવે છે.
- ગેરરીતિના સંભવિત વિસ્તારોની માહિતી મેળવી ટ્રાન્સફોર્મર સેન્ટરો ઉપર મીટરો લગાવીને લોસની ગણતરીનો અભ્યાસ કરી જરૂરી પગલાં લેવામાં આવે છે.
- પાવર ફેક્ટરના સુધારા અંગે પાવર ફેક્ટર પેનલો ટ્રાન્સફોર્મર સેન્ટરો ઉપર લગાવવામાં આવે છે.
- વીજ ગેરરીતિ અટકાવવા અંગે ગ્રાહકોને સાવચેત કરવા માટેના ''જાગૃતિ'' કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.
- નરોડા અર્બન સબડિવિઝનમાં ''સ્માર્ટ મીટરો'' નાંખવામાં આવેલ છે.

## ૧૫ વર્ષના ગાળામાં સફળ કામગીરીને પરિણામે મેળવેલ મહત્ત્વની સિદ્ધિઓ

તત્કાલિન રાષ્ટ્રપતિ દ્વારા તા. ૧૧-૧૧-૨૦૦૬ના રોજ રાષ્ટ્રાર્પણ કરવામાં આવેલ જ્યોતિગ્રામ યોજનાનો કેન્દ્રબિન્દુ એવો પ્રથમ મહેસાણા જિલ્લો, પ્રથમ ગામ દાસજ, પ્રથમ તાલુકો વિજાપુર કે જેમાં ભારત વર્ષની આ જ્યોતિગ્રામ યોજનાનું સફળ અમલીકરણ કરીને ઉત્તર ગુજરાત વીજ કંપની પ્રથમ વીજ વિતરણ કંપની બનેલ છે જેણે સમગ્ર રાષ્ટ્રને દિશા નિર્દેશ તેમજ રાહબરી પૂરી પાડેલ છે.

વીજ વિતરણક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરીને ૨૨ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીયકક્ષાના એવોર્ડ્ઝ પ્રાપ્ત કરેલ છે જે સમગ્ર રાષ્ટ્ર માટે નોંધપાત્ર અને ગુજરાત માટે ગૌરવપ્રદ બાબત છે.

ફાર્મહાઉસ અને છુટાછવાયા રહેઠાણોમાં સતત ૨૪ કલાક વીજ પુરવઠો પૂરો પાડવા સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મર (SDT)નું સંશોધન કરનાર તેમજ ERDA દ્વારા પ્રમાણિત હોય તેવી ભારતમાં પ્રથમ વીજ કંપની બનેલ છે. જેને લીધે ''જ્યોતિગ્રામ'' યોજનાની સફળ કામગીરી અસરકારક રીતે લોકો સુધી પહોંચાડી શકેલશે.

સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પુરો પાડવા અમદાવાદ શહેરની નજીક બોપલ, ઘૂમા, ચાંદખેડા અને અડાલજ વિસ્તારમાં અન્ડરગ્રાઉન્ડ પાવર કેબલ સિસ્ટમ કાર્યાન્વિત કરી. ગ્રાહકલક્ષી અભિગમના ભાગરૂપે ''કન્ઝ્યુમર મીટ''ના કાર્યક્રમોનું આયોજન કરી કલોલ, છત્રાલ, કડી વગેરે જીઆઈડીસીમાં નજીકના ૬૬ કેવી સબસ્ટેશનોનું ''અન્ડર ગ્રાઉન્ડ'' કેબલ પ્રજાકીય ભાગીદારીથી નાંખવામાં આવેલ છે. સરદાર પટેલ રીંગ રોડ તથા ગાંધીનગર વિસ્તારોમાં રૂ. ૫૪૦ લાખના ખર્ચે ઇન્ફ્રાસ્ટ્રક્ચર ફીડરો કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

**'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ'**ના વધુ એક પ્રયાસના ભાગરૂપે કંપનીના તાબા હેઠળની સાબરમતી હાઇટેક મીટર ટેસ્ટિંગ લેબોરેટરીને કેન્દ્ર સરકારના નેશનલ એક્રીડીટેશન બોર્ડ ફોર ટેસ્ટિંગ એન્ડ કેલીબ્રેશન ઓફ લેબોરેટરીઝ (NABL) દ્વારા અધિકૃત

આઈ.એસ.ઓ./આઈ.ઈ.સી./૧૭૦૨૫ : ૨૦૦૫નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર મેળવનાર યુજીવીસીએલ પ્રથમ કંપની છે. અહીં નોંધનીય એ છે કે, આ ટેસ્ટ ઇક્વીટમેન્ટની એક્યુરેસીનો કલાસ ૦.૦૫ છે.

ખેતી વિષયક વીજ વપરાશ કુલ વીજ વપરાશના ૫૮થી ૬૦ ટકા ધરાવે છે. તેમજ જ્યોતિગ્રામ યોજના અન્વયે બધા જ ગ્રામ્ય વિસ્તારના ફીડરો ખેતીવિષયક જાહેર કરવામાં આવેલ છે.

શહેરી વિકાસને ધ્યાનમાં લઈને નગરપાલિકા વિસ્તારમાં મુખ્ય માર્ગો પર વાહનવ્યવહારને અડચણરૂપ હોય તેવા ઇલેક્ટ્રિક થાંભલા ખસેડવા માટેની સરકારશ્રીની Distribution Infrastructure Shifting Scheme (DISS) યોજનામાં રૂ. ૧૮.૫૧ કરોડની કામગીરી પૂર્ણ કરી ૧૨૩.૩૮ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે.

સેન્ટ્રલાઇઝ્ડ કસ્ટમરકેર (CCC) દ્વારા કોન્ટેક્ટ નં.૧૯૧૨૧ અને ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૧૫૫ ૩૩૫ ગ્રાહકોની વીજ વિતરણની ફરિયાદો જાણીને નિકાલ કરવા માટેની કામગીરી હાથ ધરવામાં આવે છે.

"Eurja empowering People, Anywhere Any Time" ક્ષેત્રે તમામ વીજ વિતરણ કંપનીઓમાં અગ્રસ્થાન પ્રાપ્ત કરેલ છે.

**"સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ"** આપવાના ઉદ્દેશ્યને પરિપૂર્ણ કરવાના હેતુસર ગ્રાહકોની વચ્ચે જઈને વીજ ક્ષેત્રના પ્રશ્નો સમજવા મેનેજિંગ ડિરેક્ટર દ્વારા જરૂરિયાત પ્રમાણે ધારાસભ્યો, સરપંચો તથા સ્થાનિક લોક પ્રતિનિધિઓ વગેરે સાથે પરામર્શ બેઠકો દરેક જિલ્લાઓમાં યોજવામાં આવે છે.

ઊર્જા મંત્રાલય તરફથી છેલ્લા છ વર્ષમાં નીચે જણાવ્યા મુજબનું રેટિંગ આપવામાં આવેલ છે.




| વર્ષ ૨૦૧૩ | વર્ષ ૨૦૧૪ | વર્ષ ૨૦૧૫ |
|---|---|---|
| ૮૯.૯ | ૯૧.૬ | ૯૧.૨ |
| **વર્ષ ૨૦૧૬** | **વર્ષ ૨૦૧૭** | **વર્ષ ૨૦૧૮** |
| ૯૬.૦૩ | ૯૧.૧ | ૯૮.૧ |

કંપની દ્વારા થયેલ સફળ કામગીરીથી પ્રભાવિત થઈને સાઉથ એશિયાના પ્રતિનિધિઓ ઉપરાંત પંજાબ, હરિયાણા, બિહાર તથા અન્ય રાજ્યના મંત્રીશ્રીઓ, ચુટાયેલા પ્રતિનિધિઓ તથા ઊર્જાક્ષેત્રના સનદી અધિકારીઓએ કંપનીની કામગીરીની માહિતી મેળવવા અવારનવાર રૂબરૂ મુલાકાતો લઈને પોતાના રાજ્યમાં આ પ્રકારે કામગીરી કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરેલ છે.

વર્ષ દરમિયાન નોંધાયેલ કુદરતી આપત્તિના કટોકટી કાળ દરમિયાન દરેક અધિકારી/કર્મચારી દ્વારા ખભે ખભો મિલાવી ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરેલ છે જેની હું ગૌરવભેર નોંધ લઈ દરેકને અભિનંદન પાઠવું છું તથા આવનાર વર્ષમાં આપણે સૌ સાથે મળી સહિયારા પુરૂષાર્થથી ઉત્તરોત્તર વધુ સિદ્ધિઓ પ્રાપ્ત કરીએ એવી પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરું છું.

આમ ઉત્તર ગુજરાતના સામાજિક, આર્થિક અને સર્વાંગી ઉત્થાન માટે આ છે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની પ્રતિબદ્ધતા. ■

## વિશ્વ યોગ દિવસની ઉજવણી

*યુનાઈટેડ નેશન્સ દ્વારા ભારતના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના અનુરોધથી તા. ૨૧મી જૂને 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઉજવવાનું સર્વ સંમતિથી નક્કી કરેલ છે. કોરોનાની મહામારીને લીધે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ દ્વારા આ વર્ષે છઠ્ઠો વિશ્વ યોગ દિવસ ઘરે બેસી યોજવાનો આદેશ આપેલ. આપણી કંપનીમાં જુનિયર પ્રોગ્રામર તરીકે ગાંધીનગર ખાતે ફરજ બજાવતા શ્રી યુ.બી. ચૌહાણ અને તેમના ધર્મપત્ની શ્રીમતી ઇલાક્ષીબેન ચૌહાણ ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે કાર્યરત છે. શ્રીમતી ઇલાક્ષીબેન ચૌહાણ દ્વારા યોગ કોચ તરીકે ફેસબુકના પેજ દ્વારા લાઇવ 'યોગ' કરીને યોગાસનોનું નિદર્શન કરવામાં આવેલ, યુજીવીસીએલ પરિવાર આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવે છે.* ■

## શ્રી આર.એમ. પટેલને સન્માનભેર વિદાય






*કંપનીના કોર્પોરેટ ઓફિસ ખાતેથી ફરજ બજાવીને વય મર્યાદાને લીધે નિવૃત્ત થનાર અધિકારીઓનું 'કોરોના'ની મહામારીને લીધે જાહેર કાર્યક્રમ દ્વારા અભિવાદન કરીને વિદાય આપી શકાઈ નથી, પરંતુ કંપનીના નિયમ મુજબ તેમની લાંબી કારકિર્દીને ધ્યાનમાં લઈને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (પી), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઇજનેર (સીવીલ), શ્રી પી.જે. ત્રિવેદી અને વિશેષ મહાપ્રબંધક (મો.સ.) દ્વારા સન્માનપત્ર, શાલ, મોમેન્ટો, શ્રીફળ અને ચેક અર્પણ કરીને (૧) અધિક્ષક ઇજનેર (GCC), શ્રી આર.એમ. પટેલ (૨) કાર્યપાલક ઇજનેર (આર.ઈ.), શ્રીમતી વર્ષાબેન જે સહીજ્વાની તથા (૩) શ્રી પી.એચ. રંગવાણી, નાયબ ઇજનેર (સિવિલ)ને સન્માનભેર વિદાય આપવામાં આવેલ. યુજીવીસીએલ પરિવાર તરફથી તેઓનું શેષ જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિમય અને નિરોગી રહે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.* ■

# ગાંધીનગર ખાતે મીટર ટેસ્ટીંગ અંગેના સેમિનારનું આયોજન

ઝેરા ઈન્ડિયા પ્રા. લિમિટેડ ગાંધીનગર દ્વારા યુજીવીસીએલના સહયોગથી તા. ૩-૭-૨૦૨૦ના રોજ ગાંધીનગર ખાતે આવેલ ફોર્ચ્યુન ઈન હવેલી હોટલમાં મીટર ટેસ્ટીંગ અંગેના સેમીનારનું આયોજન કરવામાં આવેલ મીટર ટેસ્ટીંગ લેબોરેટરીની કામગીરી સાથે સંકળાયેલ અધિકારીઓ અને ઝેરા કંપનીના પ્રતિનિધિઓને આમંત્રણ પાઠવવામાં આવેલ.

ખૂબ જ ઉત્સાહસભર વાતાવરણમાં સેમીનારના ઉદ્‌ઘાટન સમારંભમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ ઉપસ્થિત રહેલ. કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (પ્રોજેક્ટ), શ્રી વી.એમ. શ્રોફ, વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી જે.કે. દરજી, ઝેરા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી શૈલેન્દ્ર ગોયેલ તથા કંપનીના અન્ય અધિકારીઓ ઉપસ્થિત રહેલ. ઉપસ્થિત મહાનુભાવોના વરદ્ હસ્તે દીપપ્રાગટ્ય કરવામાં આવેલ. ઝેરા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી શૈલેન્દ્ર ગોયેલ દ્વારા સેમીનાર યોજવાના ઉદ્દેશ અંગે માહિતી આપી તેઓની કંપની છેલ્લા ૧૦૦ વર્ષથી વીજળીની અતિ ચોક્સાઇથી માપણી માટે સંકળાયેલ હોવાનું જણાવી મીટર ટેસ્ટીંગ અંગેની આધુનિક મશીનરી અંગેની માહિતી આપેલ. કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.), શ્રી જે.કે. દરજીએ ઉપસ્થિત મહાનુભાવો અને ભાગ લેનાર અધિકારીઓને આવકાર્યા હતા. તેઓએ કંપનીમાં પ્રવર્તમાન મીટર ટેસ્ટીંગ અંગેની માહિતી આપેલ તથા એચ.ટી. કન્ઝ્યુમર માટેના મીટરોનું રીડીંગ નિયમિત થાય તેમજ તેના રિપોર્ટનું મોનિટરીંગ કરવા જણાવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટરશ્રીના હકારાત્મક અભિગમના લીધે મીટર ટેસ્ટીંગ માટે જરૂરી એક્યુચેક મીટરના સાધનો વધુ માત્રામાં એચ.ટી./એલ.ટી. કનેક્શનનો માટે ખરીદવા છે જે આપણી કામગીરી વધુ સરળ અને સ્પષ્ટ કરે છે. કંપની તમામ ટેસ્ટીંગ કામગીરી સંલગ્ન કર્મચારીઓને વધુ અદ્યતન ટેસ્ટીંગના સાધનો પૂરાં પાડવા કટિબદ્ધ છે ત્યારે કર્મચારીઓએ પોતાનો રસ દાખવવાની જરૂરી છે.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા મીટર ટેસ્ટીંગની નવી ટેક્નોલોજીથી માહિતગાર થવા અપીલ કરેલ. મીટર રીડિંગના રિપોર્ટનું એનાલીસીસ કરીને જરૂરી કામગીરી હાથ ધરવા જણાવેલ.મીટર ટેસ્ટીંગનો નાતો આપણી આવક સાથે રહેલ છે, તેવું જણાવેલ. મીટર ટેસ્ટીંગના ડેટાના એનાલીસીસ બાદ તેનું અમલીકરણ ખૂબ જ મહત્ત્વનું હોવાનું જણાવેલ. જેમ રેવન્યુ કલેક્શનને આપણે જવાબદારી માનીએ છીએ તેમ મીટર ટેસ્ટીંગના એનાલીસીસ બાદ તેના અમલીકરણ માટે પણ જવાબદારી સ્વીકારવી જોઈએ. મીટર ટેસ્ટીંગના વિષયને આપણા ટ્રેનિંગ કાર્યક્રમમાં આવરી લઈને વધુમાં વધુ કર્મચારીઓને માહિતગાર કરવા ઉપર ભાર મુકેલ.



દિપપ્રાગટ્ય

ઝેરા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શૈલેન્દ્ર ગોયલ દ્વારા મીટર ટેસ્ટીંગની શરૂઆતથી લઈને અત્યાર સુધીમાં કરવામાં આવેલ ફેરફારો અંગેની વિસ્તૃત સમજ ટેકનીકલી અને કાયદાકીય રીતે આપેલ હતી. આપણા માટે ગૌરવની વાત એ છે કે, આપણી સાબરમતી ખાતેની હાઇટેક લેબ એ ભારતની પ્રથમ લેબોરેટરી છે કે જેણે NABLનું સર્ટીફીકેટ પ્રાપ્ત કરેલ છે.

બપોર પછીના સેશનમાં કંપનીના સાબરમતી હાઈટેક લેબના નાયબ ઇજનેર, શ્રી એ. એન. દિવાન દ્વારા ગ્રાહકના સ્થળ ઉપર લગાવેલ મીટર તથા ચેકીંગ દરમ્યાન ગ્રાહકના સ્થળેથી લેબોરેટરીમાં લાવેલ મીટરના ચેકીંગ વખતે કઈ બાબતોને ધ્યાનમાં રાખવી તે અંગે પોતાનો અનુભવ દાખલા સાથે રજૂ કરેલ.

ક્યારે મીટરમાં કેવી રીતે ગેરરીતિ આચરવામાં આવતી હોય છે તેનું વિસ્તૃત નિરૂપણ કરેલ. મીટર ટેસ્ટીંગ વખતે તમામ અધિકારીઓએ પોતાની તાર્કિક બુદ્ધિનો ઉપયોગ કરી ગેરરીતિ કેવી રીતે કરવામાં આવી છે તેનું નિદાન કરવા જણાવેલ.



ઉદ્‌બોધન

ત્યારબાદ કંપનીના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી જે.કે. દરજી અને કાર્યપાલક ઇજનેર, શ્રી ડી.બી. પટેલ દ્વારા ઉપસ્થિત અધિકારીઓ દ્વારા મીટર ટેસ્ટીંગ અંગે કરવામાં આવી રહેલ કામગીરીની માહિતી મેળવી તેઓની મુશ્કેલીઓ અંગેના પ્રશ્નોના જવાબો આપેલ અને મીટર ટેસ્ટીંગ અંગે વધુ જાગૃતિ કેળવવા માટે માહિતી આપેલ.

સેમીનારના અંતિમ તબક્કામાં ઝેરા કંપનીના ગાંધીનગર સ્થિત વર્કશોપની મુલાકાત લઈને સીટીપીટી તથા આધુનિક મીટર ટેસ્ટીંગના પરીક્ષણ માટેની બેંચનું નિદર્શન નિહાળેલ. સેમીનારમાં હાજર રહેનાર તમામ અધિકારીઓએ રસપ્રદ સેમીનારના આયોજન અંગે પોતાના હકારાત્મક પ્રતિભાવ આપેલ. ■

# જીપીઆરડી દ્વારા ‘વોચ ડોગ ટ્રાન્સફોર્મર’નો આવિષ્કાર

ગુજરાત રાજ્યના સ્વપ્નદ્રષ્ટા તત્કાલિન મુખ્યમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા સમગ્ર ભારતને જ્યોતિગ્રામ યોજનાની ભેટ આપીને રાજ્યના તમામ 18000 ગામડાઓને અને પેટાપરાઓને સતત 24 કલાક 3 ફેજ વીજ પુરવઠો પૂરો પાડવાનું ભગીરથ કામ કરેલ છે. જેની સફળતાનો યશ યુજીવીસીએલના તજજ્ઞ ઇજનેરોની ટીમને તેમના દ્વારા સંશોધન કરવામાં આવેલ સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મર અને પ્લાન લોડ મેનેજમેન્ટ ટ્રાન્સફોર્મર અન્વયે આપવામાં આવે છે.

તાજેતરમાં ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર, શ્રી આર. બી. પટેલ, જીયુવીએનએલના વડપણ હેઠળ જીપીઆરડી સેલની ટીમ દ્વારા ઘણા બધા આવિષ્કારો કરવામાં આવેલ છે. “વોચ ડોગ ટ્રાન્સફોર્મર”નો આવિષ્કાર એ એનું એક ઉત્તમ ઉદાહરણ છે.

વોચ ડોગ ટ્રાન્સફોર્મર એટલે, વિશિષ્ટ એપ્લિકેશન સાથેનું અદ્યતન દેખરેખ, નિયંત્રણ, વિશ્લેષણ અને સંચાલન માટેની નવી ડિઝાઇન સાથેની અદ્યતન જમાના સાથે કદમ મિલાવતી સંરચના.

ટ્રાન્સફોર્મર એ વીજ ડિસ્ટ્રિબ્યુશન સિસ્ટમનો નિર્ણાયક ઘટક છે. વીજ પુરવઠાની વિશ્વસનીયતા અને ગુણવત્તાના નિયમોની જાળવણી અને પરિણામે ગ્રાહકોની ફરિયાદોમાં ઘટાડો, એ તમામ ઘટકો ટ્રાન્સફોર્મરના સફળ સેવા-જીવન પર નિર્ભર છે. ટ્રાન્સફોર્મરના સફળ સેવા-જીવન અને તેની કામગીરીનું મૂલ્યાંકન કરવા માટે ટ્રાન્સફોર્મરના વોલ્ટેજ, તેના પરનો લોડ, પાવર ફેક્ટર, ટ્રાન્સફોર્મરના ઓઇલનું વર્તમાન તાપમાન જેવા ચાવીરૂપ પરિમાણોનું સતત નિરીક્ષણ કરવું જરૂરી છે. આવુ સતત એડ્વાન્સ તાંત્રિક નિરીક્ષણ ટ્રાન્સફોર્મરને થતી હાનિ ટાળવા અથવા ઘટાડવા માટે ખૂબ જ ઉપયોગી છે. ઓવરલોડિંગ અને તેને કારણે થતો ઓઇલના તાપમાનમાં વધારો ટ્રાન્સફોર્મર્સના ફેઇલ થવાના મુખ્ય કારણોમાનું એક છે. પાવર યુટિલિટીની પ્રવર્તમાન પ્રણાલિમાં આવી દેખરેખ અને નિયંત્રણની કોઈ પદ્ધતિ નથી અને તે શક્ય પણ નથી. ટ્રાન્સફોર્મર બળવાના કિસ્સામાં ટ્રાન્સફોર્મર્સ બળે છે અને બદલાઈ જાય છે.

હાલની સિસ્ટમની મર્યાદાઓ જેવી કે, એક વાર ટ્રાન્સફોર્મરક્ષેત્રમાં ઇન્સ્ટોલ થઈ ગયા પછી તેના કાર્યકારી અને ઓપરેટિંગ પરિમાણોનું નિરીક્ષણ અને નિયંત્રણ કરવું શક્ય નથી.

ખાસ કરીને ખેતીવાડીના વીજ જોડાણો અને તેના દ્વારા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર્સ પર આવતા વધારાના ભારણને ચોક્કસ અને નિયમિતપણે નિરીક્ષણ કરવું શક્ય નથી.

કેટલાક વિસ્તારોમાં ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરના એલવી ટર્મિનલમાંથી સીધું ટેપિંગ કરીને મીટર બાયપાસ કરી વીજ ચોરી કરવામાં આવે છે અને જેનું નિરીક્ષણ રાખવું ખૂબ મુશ્કેલ છે.

ઉપરોક્ત તમામ સમસ્યાનું નિવારણ એટલે “વોચ ડોગ ટ્રાન્સફોર્મર”. વોચ ડોગ ડિવાઇસનું ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મરના એલવી ટર્મિનલ્સ પર એક મજબૂત મેટલના બોક્સમાં એવી રીતે ફીટ કરવામાં આવે છે કે ટ્રાન્સફોર્મરના એલવી ટર્મિનલ્સ પરથી વીજ ગેરરીતિ કરનારા કોઈ પણ રીતે ટેપિંગ કરી ના શકે. વોચ ડોગ ટ્રાન્સફોર્મર એક પ્રોગ્રામેબલ એડવાંસ ડિવાઇસ અને વૉલ્ટેજ, એંપિયર, કિલોવોટ, તાપમાન માફક વિવિધ મીટરોથી સજ્જ છે જેથી ઓફિસમાં બેસીને પણ તમામ ઘટકોનું નિરીક્ષણ અને જરૂરિયાત મુજબ એને પ્રોગ્રામ કરી શકાય છે. 3 ફેજના કલાક, 1 ફેજના કલાકનું પણ નિયંત્રણ અને તેનું રીઅલટાઇમ મોનિટરિંગ, વીજ વપરાશ, ટ્રાન્સફોર્મર પરનો લોડ કાપવો વગેરે વોચ ડોગ ટ્રાન્સફોર્મર દ્વારા શક્ય બન્યું છે. વોચડોગ ટ્રાન્સફોર્મર શોર્ટસર્કિટ સામે પણ સુરક્ષા પૂરી પડે છે.

ખેતીવાડીમાં ગેરકાયદેસર લોડ વધારો આમ બાબત છે કારણ કે ખૂબ મોટી સંખ્યામાં ખેતીવાડી વીજ જોડાણો હોવાથી સમયાંતરે તમામ વીજ જોડાણ ચકાસતા રહેવું શક્ય નથી જેથી રેવન્યુ લોસ થાય છે અને ગેરકાયદેસર લોડ વધારાના કારણે ખેતીવાડીમાં ખૂબ મોટી સંખ્યામાં ટ્રાન્સફોર્મર બળી જાય છે. બળી જતાં ટ્રાન્સફોર્મરને બદલવા, એને રીપેર કરાવવાનું ખૂબ મોટુ આર્થિક ભારણ દર વર્ષે પડે છે. બળી જતાં ટ્રાન્સફોર્મર સમયસર ના બદલતાં ગ્રાહકોમાં અસંતોષ પણ વધે છે.

એવી જ રીતે કેટલાક માથાભારે તત્વો, ઉદ્યોગિક વીજ જોડાણોમાં પણ ટ્રાન્સફોર્મરના એલવી ટર્મિનલમાંથી સીધું ટેપિંગ કરીને મીટર બાયપાસ કરી વીજ ગેરરીતિ કરે છે અને જેનું નિરીક્ષણ રાખવું ખૂબ મુશ્કેલ હોય છે.

ઉપરોક્ત તમામ અનિયંત્રિત કારણોનો સચોટ ઉપાય એટલે “વોચ ડોગ ટ્રાન્સફોર્મર”. વોચ ડોગ ટ્રાન્સફોર્મર, તેનાથી નિકાસ થતી ઊર્જાને સતત માપે છે સતત નિરીક્ષણ કરે છે. ખાસ કિસ્સાઓમાં ખાસ ઉદ્યોગિક એકમોમાં ગ્રાહકના વીજ સ્થાપન પર મીટર મુકવાની પણ જરૂર નથી તે માટે વોચ ડોગ ટ્રાન્સફોર્મરમાંથી ફક્ત ડિસ્પ્લે યુનિટ ગ્રાહકના સ્થાપન પર મૂકવાની પણ વ્યવસ્થા વોચ ડોગ ટ્રાન્સફોર્મર્સમાં છે.

આમ વોચ ડોગ ટ્રાન્સફોર્મર અસરકારક રીતે માનવ હસ્તક્ષેપ વિના દેખરેખ અને નિયંત્રણનું ક્ષતિરહિત કાર્ય કરે છે.

10થી 200 કેવીએ માટે આશરે 1700 જેટલા વોચ ડોગ ટ્રાન્સફોર્મર્સ કૃષિ વિતરણ નેટવર્કમાં છેલ્લા 2 વર્ષથી સ્થાપિત કરેલ છે અને જે સફળ કામગીરી કરી રહ્યા છે. જેના વેબ પ્લેટફોર્મ પર તમામ વાસ્તવિક સમય સાથેની માહિતી ઉપલબ્ધ હોય છે.

હાલની પ્રણાલીની મર્યાદાઓને દૂર કરવામાં નવા સંશોધનો કેવી રીતે મદદરૂપ થાય છે તેનું “વોચ ડોગ ટ્રાન્સફોર્મર” એક ઉત્તમ ઉદાહરણ છે. જીપીઆરડી ટીમ દ્વારા આ ઉપરાંત પણ ઘણા ખરા સફળ સંશોધનો કર્યા છે જેમાંથી 10 જેટલી તો પેટંટ્સની અરજીઓ પણ નોંધાવવામાં આવેલ છે. ■

# પ્રવર્તમાન વરસાદની સીઝનમાં યુજીવીસીએલ દ્વારા સતત ચોવીસ કલાક કાર્યરત કરેલ કન્ટ્રોલ રૂમ

**'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ'** આપવા માટે સતત પ્રયત્નશીલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદની સીઝનમાં સતત ચોવીસ કલાક કાર્યરત કન્ટ્રોલરૂમ દ્વારા ગ્રાહકોની વીજ વિક્ષેપની ફરિયાદોનું તાકીદે નિવારણ કરવાનું આયોજન હાથ ધરેલ છે. ગત વર્ષના ચોમાસાને ધ્યાનમાં લઈને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ તેમજ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ આ વર્ષે પણ આગોતરી તૈયારી કરવામાં આવેલ છે. તા. ૧-૬-૨૦૨૦થી કાર્યરત કન્ટ્રોલરૂમ, કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસ ખાતે શરૂ કરવામાં આવેલ છે. જેમાં દરરોજ ૨૪ કલાક ચાર કર્મચારીઓને ફરજ સોપવામાં આવેલ છે. સદર કન્ટ્રોલરૂમ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હસ્તકની ચારેય વર્તુળ કચેરીમાં ચાલતા કન્ટ્રોલરૂમ સાથે સંકલન કરી તમામ વિભાગીય અને પેટાવિભાગીય કચેરીની કામગીરી પર સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

કન્ટ્રોલરૂમ શરૂ કરવાનો મુખ્ય હેતુ કંપનીના કાર્યક્ષેત્ર હેઠળ આવતા માનવંતા ગ્રાહકોને સતત વીજ પુરવઠો વિના વિક્ષેપે મળતો રહે અને જ્યાં પણ વીજ વિતરણની કામગીરીમાં વિક્ષેપ આવે ત્યાં ઝડપથી નિવારણ કરી પુનઃ વીજ વિતરણ શરૂ કરી ગ્રાહકોને અપેક્ષિત ધોરણે પુરવઠો પુરો પાડવાનો છે. કંપનીની રજીસ્ટર્ડ ઓફિસ ખાતે કાર્યરત આ કન્ટ્રોલરૂમ કંપની હસ્તકના તમામ ફિડરો (વીજરેષા)માં જ્યાં પણ અસર થયેલ છે, તેની નોંધ રાખવામાં આવે છે. કેટલા ગામોમાં ફીડરોને નુકસાન પહોંચતાં વીજ વિક્ષેપ છે, તેની નોંધ પણ રાખવામાં આવે છે. જ્યાં હળવા અને ભારે દબાણના થાંભલા કે જેમાં વીજ વિક્ષેપ છે તેની વિગતોનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

વધુમાં કન્ટ્રોલરૂમ દ્વારા થ્રી ફેઇઝ તથા સીંગલ ફેઇઝ વીજ વિક્ષેપ, વોટર વર્કસના જોડાણમાં આવેલ વીજ વિક્ષેપ, **કોવિડ-૧૯** હોસ્પિટલનો વીજ પુરવઠો તથા વીજ અકસ્માતોની વિગતોનું પણ સતત મોનીટરીંગ કરવામાં આવે છે અને આ બાબતે થયેલ/થનાર ખર્ચની આકારણી પણ કરવામાં આવે છે. રાજ્યમાં આવેલ ભારે વરસાદ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્રમાં આવેલ ફીડરોમાં વીજ વિક્ષેપની ફરિયાદોનો નિકાલ કંપનીના પ્રતિબધ્ધ કર્મચારીઓ દ્વારા સતત ૨૪ કલાક કામગીરી હાથ ધરી તાત્કાલિક યુદ્ધના ધોરણે કરી દેવામાં આવેલ છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સૂચના અનુસાર અગાઉના વર્ષની જેમ આ વખતે પણ કંપની દ્વારા તેના કાર્યક્ષેત્રમાં કામગીરી કરવાની સાથે અન્ય વીજ વિતરણ કંપનીના કાર્યક્ષેત્રમાં પણ મદદ કરવા તત્પરતા દર્શાવેલ છે અને આકસ્મિક સંજોગોમાં મદદ કરવાની ભાવનાને ધ્યાનમાં રાખવામાં આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ઊભી થતી તાકીદની પરિસ્થિતિને પહોંચી વળવા સારું દરેક વિભાગીય કચેરી ખાતે કોન્ટ્રાક્ટરની બે ગેંગ, વાહન, કર્મચારીઓની યાદી તૈયાર રાખી માલસામનની વ્યવસ્થા પણ કરેલ છે, જેથી ત્વરિત ગતિએ યોગ્ય જગ્યાએ મદદ પહોંચાડી શકાય.

કન્ટ્રોલરૂમમાંથી કરવામાં આવી રહેલ કામગીરી માટે કર્મચારીઓની કામ પ્રત્યેની કટિબદ્ધતા, કર્તવ્ય નિષ્ઠા અને પ્રતિબધ્ધતા અંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા કંપનીના સૌ કર્મચારીઓની પ્રશંસા કરી અભિનંદન પાઠવેલ છે અને આવી પડકારજનક કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રાખવા અનુરોધ કરેલ છે. ■

## કંપની દ્વારા આગોતરૂ આયોજન

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા અણધારી આફત આવે તેને પહોંચી વળવા માટે કંપનીના સત્તાધીશો દ્વારા કંપનીના મુખ્ય ઇજનેર, શ્રી પી.બી. પંડ્યાને સંપૂર્ણ નિરિક્ષણ, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક), શ્રી જે.કે. દરજીને કર્મચારી વ્યવસ્થા, અધિક્ષક ઇજનેર (પી), શ્રી બી.જી, પ્રણામીને સાધન સામગ્રીની વ્યવસ્થા, શ્રી એન.બી. બલાત, નાયબ મહાપ્રબંધક (એચઆર)ને બહારથી આવેલ કર્મચારીઓને રહેવાની તથા જમવાની વ્યવસ્થા તથા શ્રી એ.એસ. ડામોર 'કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ'ને નાણાકીય વ્યવસ્થાની જોગવાઈની કામગીરી સોંપવામાં આવેલ છે. આમ આકસ્મિક આફતના સમયનું પણ કંપની દ્વારા આગોતરૂ આયોજન કરવામાં આવેલ છે.

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના એકાઉન્ટ્સ વિભાગમાં ફરજ બજાવતાં, શ્રી એ.એસ. ડામોર (કન્ટ્રોલર ઓફ એકાઉન્ટ્સ) ના સુપુત્રી કુ. ઉર્જસ્વી એ. ડામોર (બી.ઈ. ઇલેક્ટ્રીકલ)ની ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા લેવામાં આવતી વર્ગ ૧, ૨ની સ્પર્ધાત્મક પરીક્ષા અન્વયે વર્ષ ૨૦૧૯માં યોજાયેલ જાહેરાત ક્રમાંક ૪૦/૨૦૧૮-૧૯માં પ્રાથમિક, મુખ્ય (લેખિત) અને ઇન્ટરવ્યૂ એમ ત્રણ સ્તરના પરિણામને આધારે GPSC દ્વારા સીધી ભરતીથી રાજ્ય વેરા અધિકારી (વર્ગ-૨) તરીકે નિમણુંક અર્થે નાણાં વિભાગને ભલામણ કરતાં નાંણા વિભાગ દ્વારા તેઓની નિમણૂંક કરવામાં આવેલ છે જેઓની વર્ષ ૨૦૨૦માં યોજાયેલ ૨૬મી જાન્યુઆરીના કાર્યક્રમમાં કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા યુજીવીસીએલ પરિવાર વતી સન્માન કરવામાં આવ્યું હતું. યુજીવીસીએલ પરિવાર કુ. ઉર્જસ્વી ડામોરની નિમણૂંક બદલ ગૌરવની લાગણી અનુભવે છે તથા ભાવિ સફળ અને યશસ્વી કામગીરી માટે શુભેચ્છા પાઠવે છે. ■

# વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે સાબરમતી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ



દર વર્ષે તા. ૫ જૂનને વિશ્વ પર્યાવરણ દિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસે પર્યાવરણની જાળવણીનો સંદેશ લોકો સુધી પહોંચાડી પર્યાવરણ અંગે જનજાગૃતિ કેળવવામાં આવે છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી શાલીની સિંઘના વરદ્ હસ્તે સાબરમતી સર્કલના અધિક્ષક ઇજનેર, શ્રી આર.ડી. ઝાલા તથા વિશેષ મહા પ્રબંધક, શ્રી એ.સી. પ્રજાપતિની ઉપસ્થિતિમાં વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન તા. ૧૮-૬-૨૦૨૦ના રોજ હાથ ધરવામાં આવેલ.

આ પ્રસંગે કંપનીના ઉચ્ચ અધિકારીઓ, શ્રી એલ.એન. મહિડા, કાર્યપાલક ઇજનેર, સાબરમતી, શ્રી કે.એસ. શાહ, કાર્યપાલક ઇજનેર (ટેક), શ્રી આશાબેન ખાલપાડા અને કર્મચારીઓ હાજર રહેલ.





ખૂબ જ ઉત્સાહના વાતાવરણમાં ઉજવાયેલ આ કાર્યક્રમમાં વાવેલ વૃક્ષનું જતન અને જાળવણી કરવી જોઈએ તે માટે ઉપસ્થિત સૌને કંપનીના માનનીય મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા અનુરોધ કરવામાં આવેલ. ■

# સમગ્ર ભારતમાં સોલાર રૂફ ટોપ પ્રસ્થાપિત કરવા અંગેની કામગીરીમાં ગુજરાત પ્રથમ ક્રમે

ગુજરાત સરકારની નેમ સોલાર રૂફ ટોપને પ્રસ્થાપિત કરીને ‘ક્લીન ગ્રીન એનર્જી’ હબ બનાવવા માટે પ્રતિબદ્ધ છે. આ યોજના લાગુ પડ્યા બાદ ગુજરાતમાં કુલ ૧,૧૦,૦૦૦ રહેઠાણો ઉપર ‘સોલાર રૂફ ટોપ’ લગાવવાની કામગીરી માટે અરજીઓ આવેલ છે, જે દેશના અન્ય રાજ્યો કરતા વધુ સંખ્યામાં હોઈ સદર કામગીરી માટે ગુજરાત પ્રથમ ક્રમે આગળ વધી રહ્યું છે.

મીનીસ્ટ્રી ઓફ ન્યુ એન્ડ રીન્યુએબલ એનર્જીના વેબસાઇટના અહેવાલો પરથી તા. ૩૧, મે ૨૦૨૦ સુધીમાં કુલ ૫૫૮.૧૭ મેગાવોટ કેપેસીટીના સોલાર રૂફ ટોપ પ્લાન્ટ ગુજરાત રાજ્યમાં સ્થપાયા છે. જેમાં યુજીવીસીએલ દ્વારા ૧૧,૧૬૨ જેટલા સોલાર રૂપ ટોફ દ્વારા ૭૧ મેગાવોટની કેપેસીટીના સોલાર રૂપ ટોફ પ્લાન્ટ સ્થપાયા છે. ગુજરાતના મુખ્યમંત્રી, શ્રી વિજયભાઈ રૂપાણીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ૮ લાખ જેટલા ઘરોમાં ‘સોલાર રૂફ ટોપ પ્લાન્ટ’ સ્થાપાય તે દિશામાં જાગૃતિ કેળવાય તે માટે કામગીરી હાથ ધરેલ છે. જેના ભાગરૂપે ત્રણ કિલો વોટ પર ૪૦ ટકાની સબસીડી આપવાનું જાહેર કરેલ છે. ત્રણથી વધુ અને દસ કિલો વોટ સુધી ૨૦ ટકા સબસીડી આપવાનું જાહેર કરેલ છે અને બજેટમાં ૧૯૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે. જેના ભાગરૂપે અત્યાર સુધીમાં એક લાખ અઠયાવીસ હજાર અરજીઓ ઓનલાઇન પોર્ટલ પર મળેલ છે. જરૂરિયાત કરતા વધુ ઉત્પન્ન થયેલ વીજળી જે તે વીજવિતરણ કંપનીએ રૂ. ૨.૨૫ના એક યુનિટના દરે વેચાતી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. ■

# ‘પાવર ઈન્ટરપ્શાન મોનિટરીંગ સિસ્ટમ (મોડ્યુલ)’નું વિમોચન

તા. ૧૧-૫-૨૦૨૦ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા કંપનીના ટેકનીકલ અને આઇ.ટી. વિભાગના સંકલનથી તૈયાર કરેલ. ‘પાવર ઈન્ટરપ્શન મોડ્યુલ’નું વિમોચન કરેલ. સદર મોડ્યુલના ઉપયોગથી અગાઉ વીજ વિક્ષેપનો રિપોર્ટ પેટા વિભાગીય કચેરીથી વિભાગીય કચેરી, વર્તુળ કચેરીથી એકત્ર કરવામાં આવતા જેને બદલે ફીડર પ્રમાણે એન્ટ્રી કરવાની સિસ્ટમ હોવાને લીધે તમામ પેટા વિભાગીય કચેરી, વિભાગીય કચેરી, વર્તુળ કચેરી અને રજીસ્ટર્ડ કચેરીને લોગ-ઇન આઈ ડી પાસવર્ડ ડેટા એન્ટ્રી માટે આપવામાં આવેલ છે. જેને લીધે કંપનીને ખૂબ જ ઝડપથી જરૂરી વિગતો ઓછા સમયમાં મળી શકશે. વીજ વિક્ષેપનું નિરાકરણ, અવલોકન, નિરીક્ષણ અને આયોજન સરળતાથી હાથ ધરી શકશે. જેનાથી ભવિષ્યમાં દરેક પેટા વિભાગીય કચેરીની વિગતો જોઈ પણ શકશે તેમજ તેનો અભ્યાસ કરી શકશે. કંપનીની કાર્યદક્ષતામાં વધારો થશે અને માસિક તેમજ વાર્ષિક MIS રિપોર્ટ રિવ્યૂ સહેલાઈથી મળી રહેશે. સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટેના જરૂરી રિપોર્ટ MAIFI, SAFI, SAIDI, CAIDI, TT INDEX અને SF INDEX Auto Intigrnt of CM Dashboard and other portals મળી રહેશે. ■

# શ્રી વી.એમ. શ્રોફને મુખ્ય ઈજનેર તરીકે બઢતી




તા. ૦૧-૦૬-૨૦૨૦ના રોજ કંપનીના ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર તરીકે ચાર્જ સંભાળતા શ્રી વી.એમ. શ્રોફને પસંદગી સમિતિએ કરેલ પસંદગીને આધિન વિધિવત્ રીતે મુખ્ય ઈજનેર તરીકે બઢતી આપવામાં આવતા તેઓશ્રીએ ચાર્જ સભાળી લીધેલ છે.

કંપનીમાં મુખ્ય ઈજનેર તરીકે નિયમિત સ્થાને બઢતી મળતા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘે અભિનંદન પાઠવી શુભેચ્છાઓ અર્પણ કરેલ છે. કંપનીના ઉચ્ચ અધિકારીઓએ શ્રી વી.એમ. શ્રોફને અભિનંદન પાઠવેલ. યુજીવીસીએલ પરિવારમાં તેમની નિયમિત બઢતીને લઈને હકારાત્મક પ્રતિભાવ જોવા મળેલ. યુજીવીસીએલ પરિવાર તેઓને યશસ્વી કામગીરી માટે શુભેચ્છાઓ પાઠવે છે. ■

# સફળતાના સુત્રધાર શ્રી આર.બી. પટેલ : યુજીવીસીએલ ગૌરવ

**કર્મચારીઓ પાસેથી ટ્રાન્સફોર્મર ફેઇલ્યોર રેઇટ ઘટાડવા તેમજ ટ્રાન્સફોર્મર મેઇન્ટેનન્સ ખર્ચ ઘટાડવા બાબતે કરવામાં આવેલ 'સૂચન યોજના' અંતર્ગત આવેલ સૂચનોની ચકાસણી કરવા માટે તથા શ્રેષ્ઠ સૂચનોના અમલ માટે નીતિ ઘડવામાં અત્યંત મહત્ત્વના કાર્યમાં આપેલ અમૂલ્ય પ્રદાન બદલ શ્રી આર.બી. પટેલને, ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સન્માનિત કરવામાં આવેલ.**

શ્રી આર.બી. પટેલનો જન્મ 1963માં ગુજરાતના મહેસાણા જિલ્લામાં થયો હતો. બી.ઈ. (ઇલેક્ટ્રીકલ)ની પરીક્ષા 1987માં ડિસ્ટિંક્શન માર્કસ સાથે પાસ કર્યા બાદ તેમણે યુજીવીસીએલ (અગાઉ જીઇબી)ની નોકરીમાં જોડાયેલ. નોકરી સાથે તેમણે બીઈઈ દ્વારા 2009માં એનર્જી ઓડિટરની પરીક્ષા ડિસ્ટિંક્શન સાથે પાસ કરેલ. તેમની પાસે ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન અને વિવિધ વીજળી યોજનાઓનું નિરીક્ષણ કરવાનો ખૂબ જ અનુભવ છે. તેમણે ડિસ્કોમ વ્યવસાય સાથે સંબંધિત ઘણી વસ્તુઓમાં તકનીકી સ્પષ્ટીકરણોના વિકાસ માટે ટીમના સભ્ય તરીકે કામ કર્યું. જેમ કે ટ્રાન્સફોર્મર્સ, એનર્જી મીટર, આરએમયુ, સંદેશાવ્યવહારવાળી 11 કેવી કેપેસિટર બેંકો, કેબલ્સ, સોલર સિસ્ટમ તેના સંદેશાવ્યવહાર સોફ્ટવેર સાથે તેમણે વિવિધ ઉપકરણો સ્વતંત્ર રીતે વિકસિત કર્યા છે, જેમ કે સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મર (એસડીટી), પ્લાન્ડ લોડ મેનેજમેન્ટ ટ્રાન્સફોર્મર (પીએલએમટી), એચટી મીટરિંગ ક્યુબિકલ, એચટીબીએસ. તેમણે જીયુવીએનએલ વતી એમજીવીસીએલના નામથી એસ.ડી.ટી.ના પેટન્ટમાં મુખ્ય ભૂમિકા ભજવી છે અને પી.એલ.એમ.ટી. ડિઝાઇન અને વિકસિત પણ કરી છે. પીએલએમટી માટે પેટન્ટની રાહ જોવાઇ રહી છે.



તેમને જીયુવીએનએલ દ્વારા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર, ભારતીય માનક બ્યુરોના ધોરણે દિલ્હીની આઇએસ કમિટીમાં સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે. કૃષિ ફાર્મમાં સિંગલ ફેઝ વીજ પુરવઠા માટે સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મરની શોધ માટે તેમને 2014માં આઈકાન નેશનલ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. વર્ષ 2008માં ટ્રાન્સફોર્મર રિપેરિંગ ખર્ચ ઘટાડવા માટે, તેમને જેટકો દ્વારા ઇડર નજીક 220 કે.વી. માથાસુરની વહેલી તકે કામગીરી શરૂ કરવા બદલ એવોર્ડ પણ મળ્યો હતો. હાલમાં તેઓ ગુજરાત પાવર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (જીપીઆરડી) સેલ (જીયુવીએનએલ), ગાંધીનગર અને ઇન્ચાર્જ ચીફ એન્જિનિયર (ટેક) તરીકે ફરજ બજાવી રહ્યા છે.

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા તેમની કુશળતાની કદર કરીને ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર તરીકે સેવાઓ આપવા માટે પસંદગી કરેલ છે. જે માટે યુજીવીસીએલ પરિવાર ગૌરવ અનુભવે છે અને ભવિષ્યમાં પણ તેઓ સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ પાઠવે છે. ■

## ફોટો ગેલેરી



સુંદર સવારની મીઠી મહેંક, આથમતા શિયાળાની ગુલાબી ઠંડી, હાથમાં કેમેરો ને સૂરજ ઉગવાની રાહ, એક અદ્ભુત દ્રશ્ય રચાશે એવો મનમાં વિચાર. આખરે અંત સમયની પળ આવીને બને એવું કે રણની કોરી રેતી પર રવિના સોનેરી કિરણો રેલાતા હોય. એ પરાવર્તિત કિરણોની ચમકાટના કારણે એવું લાગે કે જાણે રેતીનો ઢગલો રત્નોથી ભરેલો ખજાનો તો નથી ને!... ઝાખાળી જગ્યાએથી રણના એકમાત્ર વાહન પર પ્રવાસીઓ પસાર થઈ રહ્યાં હોય... ક્ષણ ભર થાય કે જાણે ઉજ્જડ વેરાન વગડો જાણે વૃંદાવનમાં રૂપાંતરિત થઈ રહ્યો હોય.

**– શ્રી મહર્ષિ શ્રીમાળી, જુનિયર એન્જિનીયર (આઇટી) RO, મહેસાણા**

# સીજીઆરએફના અધ્યક્ષ તરીકે શ્રી કે.એન. પરીખની પસંદગી



ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા નિયુક્ત કરેલ પસંદગી સમિતિ દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ એટલે 'કન્ઝ્યુમર ગ્રીવન્શીસ રીડ્રેસલ ફોરમ' (CGRF)ના અધ્યક્ષ તરીકે મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના નિવૃત્ત મુખ્ય ઇજનેર, શ્રી કે.એન. પરીખની પસંદગી કરતા શ્રી પરીખ હવે CGRFના અધ્યક્ષ તરીકે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તાબા હેઠળના સાબરમતી સેન્ટરથી સાબરમતી અને હિંમતનગર સર્કલના ગ્રાહકોની તકરારોનું નિવારણ કરશે. ઇલેક્ટ્રીકલ એન્જિનીયરીંગની પદવીની લાયકાત ધરાવનાર શ્રી પરીખે મોરબી એન્જિનીયરીંગ કોલેજથી પોતાનો અભ્યાસ કરેલ છે.

૧૯૮૧થી ગોંડલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ખાતેથી પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ, ત્યારબાદ રાજકોટ ખાતે સીટી મેઇન્ટેનન્સ એન્જિનીયર તરીકે ફરજ બજાવેલ. નવેમ્બર ૧૯૮૯માં નાયબ ઇજનેર તરીકે વડોદરા ખાતે અગાઉના જીઇબીની વડી કચેરી ખાતે બઢતી મળ્યા બાદ કંપનીકરણ બાદ મે ૨૦૦૮માં કાર્યપાલક ઇજનેર તરીકે રૂરલ ઇલેક્ટ્રીફીકેશન સેક્શનમાં બઢતી મેળવેલ. ડિસેમ્બર ૨૦૧૨માં અધિક્ષક ઇજનેર તરીકે બઢતી મળ્યા બાદ અધિક્ષક ઇજનેર તરીકે ડીમાન્ડ સાઇડ મેનેજમેન્ટ તેમજ CGRFની કામગીરી સંભાળેલ. તા. ૨૪-૨-૨૦૧૫ના રોજ વિશેષ મુખ્ય ઇજનેર તરીકે બઢતી મળેલ અને ત્યારબાદ એપ્રિલ ૨૦૧૬માં મુખ્ય ઇજનેર તરીકે બઢતી મળેલ, જે પદ પર ડિસેમ્બર ૨૦૧૭માં નિવૃત્તિ સુધી કામગીરી કરેલ. આમ જીઇબી અને કંપનીકરણના ગાળા દરમ્યાન કુલ ૩૬ વર્ષની કારકિર્દી ધરાવે છે. જીબીયા એસોસીએશનમાં સેક્રેટરી (ફાઇનાન્સ) તથા જીઇબી સીપીએફ ટ્રસ્ટના કર્મચારી ટ્રસ્ટી તરીકે પણ કામગીરી કરેલ છે.

ગ્રાહક તકરાર નિવારણ ફોરમના અધ્યક્ષ તરીકેની પસંદગી પામતા યુજીવીસીએલ પરિવાર તેઓશ્રીને આવકારે છે અને ભવિષ્યની સફળ કામગીરી માટે શુભેચ્છા પાઠવે છે. ■

## પ્રતિભાવ

'આપણું યુજીવીસીએલ'નો ૫૫મો અંક મળ્યો. કુલ ૧૬ પાનાનો આ ન્યુઝલેટર હું એક જ બેઠકે વાંચી ગયો. સંરક્ષક ડો. મહેશ સિંઘ સાહેબનું આમુખ અને સંપાદક શ્રી શૈલેશ નાયક સાહેબની ચોકસાઈ ઉડીને આંખે વળગી ગઈ.

એક જ્ઞાતિના લોકો કે એક ધર્મનાં લોકો આ પ્રકારનાં પ્રકાશનો પ્રગટ કરે એ સમજી શકાય, પરંતુ એક વ્યવસાયનાં લોકો જ્યારે પોતાના પરિવારની નવા-જુનીની સચિત્ર માહિતિ આ રીતે વહેંચે એ બતાવે છે કે તમે સૌ કર્મચારીઓ એકબીજા સાથે પરિવારની માફક રહો છો.

દસ જેટલાં માર્ગદર્શકો તંત્રીમંડળમાં હોય અને પ્રુફ રીડીંગ માટે પણ એક કર્મચારી હોય એટલાં સચોટ આયોજન નીચે પ્રગટ થતું આ મુખપત્ર નયનરમ્ય છે. તેનાં ૧૦મા પાના પર મારો વીજકર્મીઓ વિશેનો સદભાવ પ્રગટ કરવા માટે કાર્યદક્ષ સંપાદક, શ્રી શૈલેષભાઈ નાયકનો આભાર માનું છું.

'આપણું યુજીવીસીએલ' મને તો મારું યુજીવીસીએલ હોય એટલું પોતીકું લાગ્યું. આ સંસ્થાના તમામ નાનામોટા કર્મચારીઓ અને આ ન્યુઝલેટરનાં પ્રકાશન સાથે સંકળાયેલા સૌ સેવાભાવી સજ્જનોને મારા લાખ લાખ અભિનંદન.

– **ડો . જગદીશ ત્રિવેદી**, સુરેન્દ્રનગર
હાસ્યકલાકાર, લેખક, સમાજસેવક

------------------------

આજે અનાયાસે 'આપણું યુજીવીસીએલ' ના મુખપત્ર ઉપર નજર પડતા જ વીજ કંપની દ્વારા સમાજ માટે કરવામાં આવી રહેલા ભગીરથ પુરુષાર્થનો અહેસાસ થયો. એમાં પણ આજની પ્રવર્તમાન મહામારીમાં કોઈ પણ જાતની અપેક્ષા વગર બળબળતી ગરમીમાં આ કંપની જે સેવાઓ આપે છે છે તે કાબીલે દાદ છે. આ મેગેઝિનની ડિઝાઇન અને કર્મચારીથી લઈને અધિકારી દરેકની વાતોને આવરી લેવાનો પ્રયાસ સાચે જ આવકાર્ય છે.

આ મુખપત્રમાં અન્ય સમાચારોની સાથે સાથે કર્મચારીઓ દ્વારા કરવામાં આવતી ખાસ સેવાઓ જે હ્યુમન સ્ટોરી કહી શકાય તે અને એક જવાબદાર નાગરીક ને વીજ કંપની માટે શું જવાબદારી છે તેવા અનેકોવિધ પાસાઓને આવરી લેવાય તે મને અંગત રીતે જરૂરી લાગે છે અને આ મેગેઝિનને ડિજિટલ મીડિયાથી આગળ વધીને બહુધાજન સમાજ સુધી પહોંચાડવાનો નમ્ર પ્રયાસ કરવા વિનંતી સહ આ મુખપત્ર સાથે સંકળાયેલ સૌ કોઈને મારા અભિનંદન.

– **શ્રી પરેશ જી. શાહ,** નિવૃત્ત નાયબ માહિતી
નિયામકશ્રી, મહેસાણા અને ગાંધીનગર

------------------------

ખૂબ સરસ માહિતી સભર ૫૫ મોં અંક મળ્યો. શૈલેષભાઈ અને તેઓની ugvcl ટીમ ખૂબ સુંદર કામગીરી કરી રહેલ છે તે પ્રશંસાને પાત્ર છે.

–**ડો. નિલેશભાઈ મુન્શી,** મહાપ્રબંધક
(માનવ સંપદા), જીયુવીએનએલ, વડોદરા

------------------------

'આપણું યુજીવીસીએલ' વાંચ્યુ ખૂબ આનંદ થયો. કંપનીની પ્રગતિ ઉત્તરોત્તર વધી રહી છે જેનો ચિતાર સામાયિકના માધ્યમથી મળે છે. કંપની સાથે જોડાયાની ગૌરવસભર લાગણી થાય છે વધુ રસપ્રદ માહિતી અમોને સતત મળતી રહેશે એવી આશા રાખીએ છીએ.

– **શ્રી એસ. જે. ગામીત,**
નાયબ ઇજનેર, QCC સેક્શન
આરએન્ડડી ઓફિસ, મહેસાણા

# યુજીવીસીએલ દ્વારા રમતગમત પ્રવૃત્તિઓમાં મેળવેલ સફળતાની યશગાથા

૨૦૦૫થી વ્યાવસાયિક ધોરણે અસ્તિત્વમાં આવેલ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા પોતાના નિર્ધારીત લક્ષ્યાકોની પ્રાપ્તિ માટે અવિરત પ્રયત્નો હાથ ધર્યા છે. ટી એન્ડ ડી લોસ, મહેસુલી આવક વિના વિક્ષેપે વીજ વિતરણ વ્યવસ્થાની જાળવણી સર્વોત્તમ સેવા થકી ગ્રાહકોને સંતોષ તેમજ વીજ વિતરણક્ષેત્રે આવશ્યક સંશોધનો દ્વારા સમગ્ર ભારતમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરેલ છે.

આ બધું ત્યારે જ શક્ય બન્યું છે કે જ્યારે કંપનીએ કાર્યદક્ષતાવાળા કર્મચારીઓની શારીરિક તેમજ માનસિક સજ્જતાનો પણ હંમેશા ખ્યાલ રાખેલ છે. ‘‘સ્વસ્થ કર્મચારી સ્વસ્થ કંપની’’ના સૂત્રને ચરિતાર્થ કરવા માટે કર્મચારીને સજ્જ રાખવા રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કંપની દ્વારા કરવામાં આવે છે જેથી કર્મચારી હંમેશા પ્રફુલ્લિત રહે અને કંપનીની કામગીરી પ્રત્યેનો જુસ્સો જળવાઈ રહે. ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના નેજા હેઠળ ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં પણ રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેને લીધે જેમ કંપની દ્વારા નિર્ધારીત લક્ષ્યાકો પાર પાડવામાં કંપનીના કર્મચારીઓ અગ્રેસર રહ્યા છે તે જ રીતે રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ જેવી કે સંગીત અને નૃત્ય સ્પર્ધામાં પણ કાઠુ કાઢી કંપનીને ગૌરવ અપાવ્યું છે.

કંપની માટે ગૌરવ લેવા જેવી બાબત એ છે કે, રમતગમતક્ષેત્રે ચેસ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, કેરમ, ટેનીકોઇટ, વોલીબોલ, કબડ્ડી, ક્રિકેટ જેવી તમામ રમતો જે યુજીવીસીએલ દ્વારા તથા ઓલ ઇન્ડિયા ઇલેક્ટ્રીસીટી સ્પોર્ટ્સ કંટ્રોલ બોર્ડના નેજા હેઠળ રમાડવામાં આવે છે તેમાં યુજીવીસીએલના કર્મચારીઓએ પ્રતિનિધિત્વ કરેલ છે. એટલું જ નહીં, પરંતુ ઓલ ઇન્ડિયા કક્ષાએ ચેસ, ટેબલ ટેનિસ જેવી રમતોમાં વિજેતા બનીને યુજીવીસીએલ, જીયુવીએનએલને જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતને ગૌરવ અપાવેલ છે.

કંપનીની રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર તમામ કર્મચારીઓ પોતાની કામગીરીમાં પણ જુસ્સાભેર પોતાનું યોગદાન આપી કંપની ઉત્તરોત્તર સફળતાના શિખરો સર કરે તે દિશામાં મહત્ત્વનું યોગદાન આપેલ છે. વર્ષ ૨૦૧૯-૨૦માં યુજીવીસીએલ દ્વારા તથા જીયુવીએનએલ દ્વારા કરવામાં આવેલ રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં મેળવેલ સફળતાની યશગાથા આ સાથે રજૂ કરવામાં આવેલ છે.

## ૧૪મી ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટના પરિણામો



પુરૂષ વિભાગ સિંગલ્સ ચેમ્પિયન



પુરૂષ વિભાગ સિંગલ્સ રનર્સ-અપ



પુરૂષ વિભાગ ડબલ્સ ચેમ્પિયન

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એમ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | સાબરમતી વર્તુળ કચેરી | ચેમ્પિયન |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનો | સાબરમતી વર્તુળ કચેરી | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એમ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | સાબરમતી વર્તુળ કચેરી | ચેમ્પિયન |
| શ્રી જી.એસ. વોરા | નાયબ અધિક્ષક | ઓગણજ પેટા વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનો | સાબરમતી વર્તુળ કચેરી | રનર્સ-અપ |
| શ્રી એસ.એ. ઠાકોર | પટાવાળા | સાબરમતી વર્તુળ કચેરી | રનર્સ-અપ |

### ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| પી. કે. પરમાર | સીની. આસિસ્ટન્ટ | કલોલ વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| એચ.એ. ચાવડા | પટાવાળા | નરોડા પેટા-વિભાગીય કચેરી | રનર્સ-અપ |


પુરૂષ વિભાગ ડબલ્સ રનર્સ-અપ


મહિલા વિભાગ સિંગલ્સ ચેમ્પિયન


મહિલા વિભાગ સિંગલ્સ રનર્સ-અપ


મહિલા વિભાગ ડબલ્સ ચેમ્પિયન


મહિલા વિભાગ ડબલ્સ રનર્સ-અપ

## ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ-અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| ડી.પી. બેન્કર | જુની. આસી. | ચાંદખેડા પેટા વિભાગીય કચેરી | ચેમ્પિયન |
| એચ.આર. શ્રીમાળી | જુની. આસી. | ગાંધીનગર પેટાવિભાગીય કચેરી | ચેમ્પિયન |
| પી.કે. પરમાર | સીની. આસી. | કલોલ વિભાગીય કચેરી | રનર્સ-અપ |
| એચ.એ. ચાવડા | પટાવાળા | નરોડા પેટા-વિભાગીય કચેરી | રનર્સ-અપ |

## ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ પુરૂષોની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.પી. ગજેરા | જુનિયર આસિસ્ટન્ટ | સાબરમતી વર્તુળ કચેરી |
| શ્રી કે.એન. રાવલ | સિનિયર સ્ટેનો | સાબરમતી વર્તુળ કચેરી |
| શ્રી જી.એસ. વોરા | નાયબ અધિક્ષક (હિસાબ) | ઓગણજ પેટાવિભાગીય કચેરી |
| શ્રી એસ.એ. ઠાકોર | પટાવાળા | સાબરમતી વર્તુળ કચેરી |
| શ્રી એન.કે. નિનામા | સિનિયર આસિસ્ટન્ટ | જાદાર પેટાવિભાગીય કચેરી |
| શ્રી એન.કે. ખમાર | અધિક્ષક (હિસાબ) | સાબરમતી વર્તુળ કચેરી |

## ઈન્ટર સર્કલ કેરમ ટુર્નામેન્ટમાં પસંદગી પામેલ મહિલાની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| પી.કે. પરમાર | સિનિયર આસિસ્ટન્ટ | કલોલ વિભાગીય કચેરી |
| એચ.એ. ચાવડા | પટાવાળા | નરોડા પેટાવિભાગીય કચેરી |
| એચ.આર. શ્રીમાળી | જુનિયર આસિસ્ટન્ટ | ગાંધીનગર પેટાવિભાગીય કચેરી |
| ડી.પી. બેન્કર | જુનિયર આસિસ્ટન્ટ | ચાંદખેડા પેટાવિભાગીય કચેરી |

# ૧૪મી ઈન્ટર સર્કલ બેડમિન્ટન ટુર્નામેન્ટના પરિણામો


પુરૂષ વિભાગ સિંગલ્સ ચેમ્પિયન


પુરૂષ વિભાગ સિંગલ્સ રનર્સ-અપ


પુરૂષ વિભાગ ડબલ્સ રનર્સ-અપ


પુરૂષ વિભાગ ડબલ્સ ચેમ્પિયન


મહિલા વિભાગ સિંગલ ચેમ્પિયન


મહિલા વિભાગ ડબલ્સ ચેમ્પિયન


મહિલા વિભાગ સિંગલ રનર્સ-અપ


મહિલા વિભાગ ડબલ્સ રનર્સ-અપ

### સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પી.આઈ. વાવડીયા | નાયબ અધિક્ષક | આર. એન્ડ સી. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) | આર. એન્ડ સી. મહેસાણા | રનર્સ-અપ |

### ડબલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી પી.આઈ. વાવડીયા | નાયબ અધિક્ષક | આર. એન્ડ સી. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) | આર. એન્ડ સી. મહેસાણા | ચેમ્પિયન |
| શ્રી યુ.જે. પટેલ | જુની. આસી. | હિંમતનગર સર્કલ ઓફિસ | રનર્સ-અપ |
| શ્રી એ.કે. પટેલ | જુની. આસી. | હિંમતનગર સર્કલ ઓફિસ | રનર્સ-અપ |

### ઇન્ટર સર્કલ માટે પસંદગી પામેલ મહિલાની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રીમતી એસ.એ. પટેલ | નાયબ ઇજનેર | હિંમતનગર ગ્રામ્ય પે.વિ.ક. |
| શ્રીમતી ડી.જે. રાવલ | સીની. આસી. | બોપલ પે.વિ.ક. |
| રીના એમ. જયસ્વાલ | જુની. ઇજનેર | હિંમતનગર વિ.ક. |
| જે.આર. ગજ્જર | નાયબ અધિક્ષક (હિસાબ) | ગાંધીનગર પે.વિ.ક. |

### સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી એસ.એ. પટેલ | નાયબ ઇજનેર | હિંમતનગર ગ્રામ્ય પે.વિ.ક. | ચેમ્પિયન |
| શ્રીમતી ડી.જે. રાવલ | સીની. આસી. | બોપલ પે.વિ.ક. | રનર્સ-અપ |

### ડબલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રીમતી એસ.એ. પટેલ | નાયબ ઇજનેર | હિંમતનગર ગ્રામ્ય પે.વિ.ક. | ચેમ્પિયન |
| રીના એમ. જયસ્વાલ | જુની. ઇજનેર | હિંમતનગર વિ.ક. | ચેમ્પિયન |
| શ્રીમતી ડી.જે. રાવલ | સીની. આસી. | બોપલ પે.વિ.ક. | રનર્સ-અપ |
| દિક્ષીબેન વી. ભૈરવીયા | જુની. પ્રોગ્રામર | ગાંધીનગર ઇ.એમ.સી. | રનર્સ-અપ |

### ઇન્ટર સર્કલ માટે પસંદગી પામેલ પુરૂષની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી પી.આઈ. વાવડીયા | નાયબ અધિક્ષક | આર. એન્ડ સી. મહેસાણા |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઇજનેર (સિવિલ) | આર. એન્ડ સી. મહેસાણા |
| શ્રી બી.કે. સિંગ | જુનિયર ઇજનેર | ગાંધીનગર એ.એલ.ડી.સી. |
| શ્રી જે.જી. શાહ | નાયબ ઇજનેર | સાબરમતી સર્કલ ઓફિસ |
| શ્રી એ.બી. પટેલ | જુની. ઇજનેર | નારદીપુર પે.વિ.ક. |

## ૧૪મી ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટના પરિણામો

### ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એસ.એચ. જાદવ | કાર્યપાલક ઈજનેર (I.T.) | ઈ.એમ.સી, ગાંધીનગર | ચેમ્પિયન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ-અપ |

### ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ પુરૂષોની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| શ્રી એસ.એસ. દેસાઈ | જુની. આસી. | પાલનપુર વર્તુળ ક. | ચેમ્પિયન |
| શ્રી જે.એમ. સૈયદ | સીની. આસી. | પાલનપુર વિ.ક.-૧ | ચેમ્પિયન |
| શ્રી પી.જે. ત્રિવેદી | વિશેષ મુખ્ય ઈજનેર (સિવિલ) | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ-અપ |
| શ્રી નિલેશ.પી. પટેલ | મેનેજર (આઈ.ટી) | | રનર્સ-અપ |

### ઇન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ સિંગલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સી.એચ. મોદી | નાયબ અધિક્ષક (વહીવટ) | પાલનપુર-૧ વિ.કચેરી | ચેમ્પિયન |
| એ.એ. ગુપ્તા | સીની. આસી. | પાલનપુર-૧ વિ.કચેરી | રનર્સ-અપ |


પુરૂષ વિભાગ સિંગલ્સ ચેમ્પિયન


પુરૂષ વિભાગ સિંગલ્સ રનર્સ-અપ


મહિલા વિભાગ સિંગલ્સ ચેમ્પિયન

## ઈન્ટર સર્કલ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટ ડબલ્સ ચેમ્પિયન/રનર્સ–અપ મહિલાની યાદી

| નામ | હોદ્દો | કામનું સ્થળ | પરિણામ |
|---|---|---|---|
| સી.એચ. મોદી | નાયબઅધિક્ષક (વહીવટ) | પાલનપુર વર્તુળ કચેરી | ચેમ્પિયન |
| એ.એ. ગુપ્તા | સીની. આસી. | પાલનપુર વિ.ક.-૧ | ચેમ્પિયન |
| બી.જે. પટેલ | જુની. આસી. | કોર્પોરેટ ઓફિસ, મહેસાણા | રનર્સ–અપ |
| એસ.આર. ચૌધરી | જુની. આસી. | | રનર્સ–અપ |


મહિલા વિભાગ સિંગલ્સ રનર્સ-અપ


પુરૂષ વિભાગ ડબલ્સ ચેમ્પિયન


પુરૂષ વિભાગ ડબલ્સ રનર્સ-અપ


મહિલા વિભાગ ડબલ્સ ચેમ્પિયન


મહિલા વિભાગ ડબલ્સ રનર્સ-અપ

## ૧૪મી ઈન્ટર સર્કલ વોલીબોલ ટુર્નામેન્ટના પરિણામો


ચેમ્પિયન-મહેસાણા ટીમ


રનર્સ-અપ ટીમ, પાલનપુર

### ચેમ્પિયન થયેલ મહેસાણાની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વી.ડી ચૌધરી | જુની. આસી. | ગોઝારીયા પેટાવિભાગીય કચેરી |
| શ્રી એમ.આર. ચૌધરી | જુની. આસી. | મહેસાણા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| શ્રી એચ.એમ. ઓઝા | નાયબ ઈજનેર | કુકરવાડા પેટાવિભાગીય કચેરી |
| શ્રી બી.એ. ચૌધરી | જુની. આસી. | વિસનગર શહેર પેટાવિભાગીય કચેરી |
| શ્રી વાય.કે. ચૌધરી | જુની. આસી. | વિસનગર-૨ પેટાવિભાગીય કચેરી |
| શ્રી એન.બી. ચૌધરી | જુની. આસી. | મહેસાણા વિભાગીય કચેરી |
| શ્રી કે.જે. કલાસ્વા | લાઈનમેન | બેચરાજી પેટાવિભાગીય કચેરી |
| શ્રી જે.વી. ચૌધરી | જુની. આસી. | લાડોલ પેટાવિભાગીય કચેરી |
| શ્રી વી.એ. ભટ્ટ | નાયબ અધિક્ષક (હિસાબ) | કડી શહેર પેટાવિભાગીય કચેરી |
| શ્રી વી.એસ. ચૌધરી | મીટર ટેસ્ટર | વિજાપુર વિભાગીય કચેરી (લેબ) |
| શ્રી કે.એસ. કટારા | ઈલે.આસી. | સતલાસણા પેટાવિભાગીય કચેરી |
| શ્રી બી.એલ. અસારી | ઈલે. આસી. | સતલાસણા પેટાવિભાગીય કચેરી |

### રનર્સ–અપ થયેલ પાલનપુરની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી એમ.જી. ચૌધરી | જુની. આસી. | સિદ્ધપુર (ગ્રામ્ય) પે.વિ.ક. |
| શ્રી વી.જી. પરમાર | ઈલે. આસી. | વડગામ પે.વિ.ક. |
| શ્રી એસ.આર. પટેલ | સીની. આસી. | ઊંઝા (શહેર) પે.વિ.ક. |
| શ્રી આર.ડી. ચૌહાણ | લાઈન ઈન્સ્પેક્ટર | દાંતા પે.વિ.ક. |
| શ્રી વાય.એસ. રાવલ | જુની. ઈજનેર | પાલનપુર (શહેર) પે.વિ.ક. |
| શ્રી કે.એમ. ચૌધરી | જુની. આસી. | સિદ્ધપુર (ગ્રામ્ય) પે.વિ.ક. |
| શ્રી બી.આર. રાઠોડ | ઈલે. આસી. | પાથાવાડા પે.વિ.ક. |
| શ્રી એન.એ. સોલંકી | સીની. આસી. | ડીસા-૧ પે.વિ.ક. |
| શ્રી જે.ડી. ચૌધરી | જુની. આસી. | સુઈગામ પે.વિ.ક. |
| શ્રી વી.એચ. પ્રજાપતી | મીટર ટેસ્ટર | પાલનપુર-૧ વિ.ક. |
| શ્રી બી.જી. કોઈટીયા | સીની. આસી. | ડીસા-૨ વિ.ક. |
| શ્રી એચ.કે. રાવલ | જુની. આસી. | પાલનપુર હાઈવે પે.વિ.ક. |

**ચિ. ખુશ જોષી**




(ધોરણ-૧૨) એચએસસી, કોમર્સ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૫૧.૭૨
**વાલી :** શ્રી અમિતકુમાર બી. જોષી
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
માલપુર પેટાવિભાગીય કચેરી

# યુજીવીસીએલ પરિવારના તેજસ્વી તારલા

**ચિ. તીર્થ રામી**
(ધોરણ-૧૨) એચએસસી, એ-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૫૭
**વાલી :** શ્રી રાજેન્દ્રકુમાર જે. રામી
**હોદ્દો :** નાયબ ઈજનેર
ટેકનીકલ વિભાગ, રજી. કચેરી, મહેસાણા



**ચિ. આદિત્યસિંહ કુંપાવત**
(ધોરણ-૧૨) એચએસસી, કોમર્સ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૮.૪૭
**વાલી :** શ્રી ધીરસિંહ ઇન્દ્રસિંહ કુંપાવત
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ
સર્કલ ઓફિસ, હિંમતનગર



**ચિ. હેત પટેલ**
(ધોરણ-૧૨) એચએસસી, બી-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૦૭
**વાલી :** શ્રી મહેશકુમાર ચિમનલાલ પટેલ
**હોદ્દો :** જુનિયર આસિસ્ટન્ટ
વર્તુળ કચેરી, હિંમતનગર



**ચિ. હિતકુમાર પટેલ**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૮.૨૦
**વાલી :** શ્રીમતી હેતલબેન સંજયભાઈ પટેલ
**હોદ્દો :** પટાવાળા
ચોઈલા સબ ડિવિઝન



**ચિ. જીનલ જરીવાલા**
(ધોરણ-૧૨) એચએસસી, બી-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૬.૭૭
**વાલી :** શ્રી ભાવેશ વાય. જરીવાલા
**હોદ્દો :** નાયબ ઇજનેર
શેલા, સબડિવિઝન



**ચિ. એશા પટેલ**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૮૪
**વાલી :** શ્રી હિતેષકુમાર ચિમનલાલ પટેલ
**હોદ્દો :** જુનિયર ઇજનેર
હિંમતનગર, ટાઉન સબડિવિઝન



**ચિ. આર્ય પંડ્યા**
(ધોરણ-૧૨) એચએસસી, બી-ગ્રૂપ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૬.૪૦
**વાલી :** શ્રી નિલેશકુમાર પંડ્યા
**હોદ્દો :** સિનિયર કલાર્ક,
ડિવિઝન ઓફિસ, તલોદ



**ચિ. વિશ્વા ચૌહાણ**
(ધોરણ-૧૦) ન્યુ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૪.૫૧
**વાલી :** શ્રી કલ્પેશકુમાર જણસારી
**હોદ્દો :** સિનિયર આસિસ્ટન્ટ,
ઇડર વિભાગીય કચેરી (સ્ટોર)



**ચિ. નંદની ઝાલા**
(ધોરણ-૧૨) એચએસસી, કોમર્સ
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૯.૭૭
**વાલી :** શ્રી એમ.પી. ઝાલા
**હોદ્દો :** નાયબ ઇજનેર
વર્તુળ કચેરી, હિંમતનગર



**ચિ. હિનમ વણકર**
(ધોરણ-૧૦) ન્યૂ એસએસસી
**પર્સેન્ટાઈલ રેન્ક** : ૯૧.૭૮
**વાલી :** શ્રી ઈશ્વરભાઈ મગનભાઈ વણકર
**હોદ્દો :** ઇલેક્ટ્રિક આસિસ્ટન્ટ
મોડાસા લેબોરેટરી, યુજીવીસીએલ



ભૂલો ભલે બીજું બધું હાથ ધોવા તમે ભૂલશો નહીં,
અગણીત છે હવે દર્દી એના જગમાં એ વિસરશો નહીં.
અસહ્ય વેદના ન વેઠવી હોય તો ઘરની બહાર નીકળશો નહીં,
આપના દેશ-રાજ્યના વડાઓના વિશ્વાસને છુંદશો નહીં.
નાગરિક છો ભારતના, સાચા નાગરિક બનવું ભૂલશો નહીં,
દૂધ-શાક અને કરિયાણું મળી રહેશે એ વિસરશો નહીં.
કોરોના એ કંટક બિછાવ્યા છે આપણી રાહ પર,
એ રાહ ટાળવા, ઘરની લક્ષ્મણરેખા ઓળંગશો નહીં.
મહત્ત્વના કામ માટે બહાર નીકળો તો,
એકમેકથી અંતર રાખવું ભુલશો નહીં.
અંતરાયોનો સામનો કરવા તૈયાર રહો,
ડરપોક બનશો નહીં.
માસ્ક પહેરવું, હાથ ધોવા અને ઘરમાં
રહેવું ખૂબ જરૂરી છે તે ભૂલશો નહીં.
૨૦ સેકન્ડ સુધી ગમે તે સાબુથી હાથ ધોવા ભુલશો નહીં.
આલ્કોહોલયુક્ત સેનેટાઇઝરથી
હાથોને સેનેટાઇઝ કરવા ભૂલશો નહીં.
કોરોનાના યોદ્ધાઓને સલામ કરવાનું ભૂલશો નહીં,
ભૂલો ભલે બીજું બધું, કોરોનાને વિસ્તરવા દેશો નહીં.

**– કલ્પેશકુમાર વિઠ્ઠલભાઈ પરમાર**
નાયબ અધિક્ષક (હિસાબ), જીયુવીએનએલ, વડોદરા

## બાળપણ

નથી જોઈતું મોટપણું, નથી જોઈતું શાણપણ,
મારે તો જોઈએ એ જ ભોળપણ અને મારું બાળપણ,
મારે જોઈએ કાગળના ઉડતા વિમાન અને તરતી હોડી,
ખરા બપોરે પણ થતી ભાગદોડ અને દોડાદોડી,
શું કરું લઈને લોકોને છેતરવાનું ડહાપણ,
મારે તો જોઈએ એ જ ભોળપણ અને મારું બાળપણ,
મુકવી છે મારે સઘળી માથાકૂટ,
મારે તો જોઈએ બચપનમાં મળતી બધી છૂટ,
નહિ મળે, 'પ્રણય', સમય ને જે કર્યું અર્પણ,
પણ ક્યારેક તો જોઈએ ને એ ભોળપણ અને એ બાળપણ.

**– પ્રણય વાવડીયા**
નાયબ અધિક્ષક (હિસાબ), આરએન્ડસી ઓફિસ, મહેસાણા

## હાઈકુ

તારા પ્રેમની
ચર્ચા ચોતરફ ને
હું બદનામ.

**– ધીરેન શાહ,** અંગત સચિવ,
માનનીય ઊર્જા રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર

## ''આવું કેમ?''

એકલો હું એકલો હું, કાયમ આવું કેમ?
તોડતા મને, પાડતા મને, આવું કેમ?
આંખ મીંચીને બસ, સઘળું લૂંટાવ્યા કર્યું
છતાં મારી ચારેબાજુ લૂંટારાઓ, આવે કેમ?
દુખ દર્દ બધાનું બેચેન કરતું હરહમેશ મને
મજાક ઊડાવી મારા દર્દની, આવું કેમ?
વેદના વહાલી કરી બધા કર્મચારીઓની
મારી વેદનાએ લાત ખાધી, આવું કેમ?
સ્થળ, સમય ભૂલી ફરજ બજાવી અવિરત
છતાં અવગણના બધે સતત, આવું કેમ?
શું કામ ડગમગું હું મારી શાશ્વત વિચારધારાથી
પ્રશ્ન જ શું કામ કરે ''હર્ષ'' કે, આવું કેમ?

**– એચ. બી. પટેલ**
કાર્યપાલક ઇજનેર, ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરી

શબ્દો એક અર્થ અનેક,
ભાવ એક ભાવાર્થ અનેક,
છળ કપટથી ભરી દુનિયા,
વ્યક્તિએ વ્યક્તિએ બદલાય સઘળા,
આત્મા એક દેહ અનેક,
ઉર્મિઓની છોળો ભિન્ન,
કોઈક વ્હાલું કોઈક દવલું,
સમજાય નહીં શું કહેલું,
કોઈક આગળ કોઈક પાછળ,
દાનત એક પરિભાષા અનેક,
નિશ્ચય નથી નક્કી મંજિલ જાય ચૂકી,
કર્મનું ફળ મળે આ જન્મે નક્કી,
"શૈલની" નથી કોઈ ફરિયાદ,
કસોટીમાં પાર થશે સદા.

**– શૈલેષ એમ. યાદવ**
ડેપ્યુટી એન્જિનીયર, યુજીવીસીએલ, સબડિવિઝન, પ્રાંતિજ

# કોરોનાની મહામારી સામે સાવચેત રહેવા માટેની આચાર સંહિતા



કચેરીમાં પ્રવેશતા ગેટ બહારથી જ હેન્ડવોશ કરીને પ્રવેશ કરવો



હેન્ડ સેનેટાઇઝરનો ઉપયોગ કરવો



હેન્ડ ગ્લોવ્ઝનો ઉપયોગ કરવો



ઘરેથી બહાર નીકળતા માસ્ક ફરજિયાત પહેરવું




ઘરેથી કચેરીએ આવતા સમયે પ્રવાસ દરમ્યાન સામાજિક અંતર જાળવવું



થર્મલ ગન ટેમ્પરેચર અચૂક ચેક કરાવવું



કામગીરીના સ્થળે સ્વચ્છતા રાખવી, ટેબલ ખુરશી જાતે સ્વચ્છ રાખવી.




સામાજિક અંતર જાળવવું



ઘરગથ્થું આયુર્વેદિક ઉકાળો બનાવી તેનું સેવન કરવું

**કોરોના સામેની લડાઈમાં દરેક કર્મચારીએ તકેદારીના ભાગરૂપે ફરજિયાત અમલ કરવા જોગ નમ્ર અનુરોધ**

**સાતત્યપૂર્ણ, વિશ્વસનીય અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવા સમર્પિત**

## ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી,
લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઇમેઇલ
આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com